મળે ડાબા ખિસ્સામાં એક ડૂચો વળી ગયેલ મોરલાનો ટહુકો
સાંભળીને તેં મને આપેલ
કે તું જીન્સ મારું પહેરે અને ઓચિંતો સાવ તને જડે
એમ મેં જ મારા હાથે રાખેલ એવું કંઈક

મળે જમણા ખિસ્સામાં એક સુક્કો પડેલ બોરચણિયાનો ઠળિયો
ચાખીને તેં મને આપેલ
કે ચગળી શકું જો તને આખ્ખેઆખ્ખી તો કેવું લાગે
એ બહાને મેં પોતે જ ચાખેલ એવું કંઈક

રોજ રોજ નવી નવી પાંખોને પહેરવાની ઈચ્છાથી
પંખીનાં ટોળાંનાં ટોળાંએ વરસોથી કાંતેલું
ડેનિમ આકાશ
જરા વેતરીને, માપસર કાતરીને, સ્ટોનવૉશ ધોઈ કરી
લેધરના દોરાથી ડબ્બલ સીવેલ કોઈ જીન્સ જેવો આપણો સંબંધ...

# બ્લૂ જીન્સ

## બ્લૅક ઍન્ડ વ્હાઇટ પોએમ્સ

ચંદ્રકાન્ત શાહ

ઈમેજ પબ્લિકેશન્સ પ્રા. લિ.
મુંબઈ. અમદાવાદ

**Blue Jeans:** Gujarati poems by Chandrakant Shah

© ચંદ્રકાન્ત શાહ
www.narmad.com

પ્રકાશક :

**ઈમેજ પબ્લિકેશન્સ પ્રા. લિ.**

૧૯૯/૧, ગોપાલ ભુવન
પ્રિન્સેસ સ્ટ્રીટ
મુંબઈ ૪૦૦ ૦૦૨
ફોન : ૨૦૦ ૨૬૯૧, ૨૦૦ ૧૩૫૮

૧-૨, અપર લેવલ, સેન્ચૂરિ બજાર
આંબાવાડી સર્કલ, આંબાવાડી
અમદાવાદ ૩૮૦ ૦૦૬
ફોન : ૬૫૬ ૦૫૦૪, ૬૪૪ ૨૮૩૬

email: sales@imagepublications.com
Visit us on: http://www.imagepublications.com

પ્રથમ આવૃત્તિ : જાન્યુઆરી ૨૦૦૦

મૂલ્ય : રૂા. ૧૨૫.૦૦

બુક ડિઝાઈન : નૌશિલ મહેતા, AnM Design Studio, મુંબઈ.
email: naushilm@hotmail.com

મુદ્રક : મંજુલ ગ્રાફિક્સ, મુંબઈ.
email : manjul@roltanet.com

# જીન્સ પહેરેતી
# મુગ્ધાઓને...

બ્લૂ જીન્સને સૌ મુગ્ધાઓ પાંચ આંગળે પૂજે
‘વ્હેલેરાં ઈર્‌રેઝિસ્ટિબલ સ્તન અમારાં દૂઝે’

## અનુક્રમ


| | |
|---|---|
| Jeans 101 | ૯ |
| ધોવા નાખેલ જીન્સનું ગીત | ૧૪ |
| જેસલમેર | ૧૮ |
| કૉલાજ | ૧૯ |
| જીન્સ મહિમા | ૨૦ |
| આવાં જીન્સ | ૨૨ |
| અંતિમ સચ્ચાઈ | ૨૩ |
| Not a poem | ૨૪ |
| કબીર | ૨૬ |
| બ્લૂ પોએમ | ૨૭ |
| જીન્નોધ્ધાર | ૨૮ |
| સીનસિનેરી | ૩૦ |
| શર્ટ વિના પણ શોભે એવાં જીન્સ | ૩૨ |
| જીન તખ્ત | ૩૩ |
| ઈસ્ત્રીટાઇટ જીન્સ | ૩૪ |
| બ્લૂબેરીઝ | ૩૬ |
| ઈન્ફિનિટ પટેટો | ૩૮ |
| Weekends | ૪૦ |
| અભિસાર | ૪૨ |
| બ્લૂ જીન્સના કરંડિયામાં નાગ | ૪૪ |
| ધોબીઘાટ | ૪૬ |

જીન્સ કાપીને કરેલ ચડ્ડીનું ગીત ૪૮
પાનબાઈ અને બ્લૂ જીન્સ ૫૦
Chemist ચોતરફ ૫૨
ધોબીપછાડ ૫૪
રામનામના પીળા દોરે ! ૫૫
રોબૉને પ્રાર્થના ૫૬
ધ પિયાનો ૫૯
ડુંગર કેરી ખીણમાં ૬૦
ખેડૂત કન્યા ૬૨
ઈન્ફૅચ્યુએશન ૬૪
Genes shopping ૬૮
નવ્વાંનક્કોર જીન્સ ૭૪
બાને કાગળ ૭૬
જીન્સ સ્તુતિ ૮૧
Hindu vegetarian special meal ૮૨
જીન્સ એક એવું પણ જોયું મેં બ્લૂ ૮૪
જીન્સ ઑલ્ટરેશન ૮૬
ક્યાંક મુકાઈ ગયેલ જીન્સનું ગીત ૮૮
●
ચંદ્રકાંત એટલે કવિતા અને રંગભૂમિની મુગ્ધતા : ઉત્પલ ભાયાણી ૯૪
આ પુસ્તકના કવર-પેપર વિશે... ૯૬

**બ્લૂ થેંક યૂ**


નૌશિલ
છોટુ
ઉત્પલ
સુરેશભાઈ
જયાબહેન
ભરત
હરેશ
Stefan Watson, Watson Paper Co., New Mexico, USA

## Jeans 101

**એક ઈતિહાસિક કવિતા**

દઈ પલાંઠી, આંખ મીચીને વાહ-વાહ કરતાં
લ્યો ભણોજી જીનિયોલૉજી

પાઠ્યક્રમમાં બ્લૂ જીન્સનો સાર
Pre-requisive માણસનો અવતાર

પ્રસ્તાવના એ કે
જન્મ્યા એટલે shrink થવાનાં
Wrinkle ઢગલાબંધ પડવાની
અને અંતમાં fade થવાનું

આજ સુધી આખી દુનિયામાં કુલ બનેલાં
સવ્વા ત્રણ અબજ
જીન્સ પહેરતી Texan blondes
કલકત્તાની કામિનીઓ
કાઉબૉયઝ ને કંઈક દેશના પ્રેસિડન્ટો
હિપ્પીઓ ને હીરોલોગ
સોશ્યલાઈટ્સ ને સાક્ષર સારસ્વતો

હિસ્ટોરિકલ વાતોમાં લો મિક્સ કરો ભૈ કાવ્યોલૉજી
લ્યો ભણોજી જીનિયોલૉજી

જીનનો ઉદ્ભવ ક્યાંથી કેમ અને એની આ વાત
બ્લૂ જીન્સ પણ પશુપ્રાણીઓ માણસ જેવી અન્ય જીન્સની જાત

નિમ્સ નામના નાનકડા એક ફ્રેંચ ગામનું કપડું
કહેવાયું એ fabric de nims
de nimsમાંથી બની ગયું ડેનિમ !

ગામલોક પરસેવો પાડી જે પણ ગૂંથે કાંતે વણે
શહેરી લોકો પુસ્તકરૂપે ક્લાસરૂમમાં ભણે

ડેનિમ કપડું બદલી નાખતું ભલભલાની સાયકોલૉજી
લ્યો ભણોજી જીનિયોલૉજી

દુનિયા આખી જેને એના ફર્સ્ટ નામથી જાણે
કથા એ વીરની તમે સાંભળો હવે પરાણે

1829માં
લિવાઈ સ્ટ્રૉસનાં જીન જન્મ્યાં ત્યાંથી બોલો શ્રી૧।
૧૮૫૩માં
૨૪ વરસે
બાપુ સાનફ્રાંસિસ્કો આવ્યા
સોનાની ખાણોને વેચ્યું
Contestoga wagons અને તંબુઓ માટે
કૅન્વાસનું કપડું

'Should-a brought pants'
ખાણિયાઓએ કહ્યું,
'Pants don't wear worth a hoot in the diggins'
ખાણિયાઓએ કહ્યામાં જ ઉમેર્યું.

કડકડતું કૅન્વાસ લઈ
દોડ્યો લિવાઈ દરજીની દુકાને
એમ બન્યું પહેલવહેલું જીન્સ પહેરવાને

ફ્રિસ્કોના એ ખાણગામમાં
'Those pants of Levi's' ના
પડી રહ્યા હાકલા
બોલી રહ્યો દેકારો
લિવાઈના નામના થ્યા જયકારો

આ કાવ્યમાં નહિ ચાલે કોઈ ફેંકોલૉજી
લ્યો ભણોજી જીનિયોલૉજી

જીન માત્ર માણસનાં ગાત્ર
માણસ માત્ર જીનને પાત્ર

જન્મી ઊછરી રંગ બદલતાં બની જાય જેમ હૂબહૂ
કોપી ટુ કોપી એમ
માણસની જેમ
જીન જન્મ્યાંતાં brown, પણ બની ગયાં બ્લૂ

ક્વૅસ્ચન-બેસ્ચન હોય કાંઈ તો લ્યો લગાવો પૂછોલૉજી
લ્યો ભણોજી જીનિયોલૉજી

છોકરીઓની જેમ બને છે જીન્સ
અલગ અલગ બસ્સોને ચોવીસ સાઈઝોમાં
છોકરાઓની માફક
ગણીને ડેનિમની છે છવ્વીસ જાત

જીન્સ પહેરવામાં છોકરાઓ ટૉપ
છોકરીઓ બધી બેલ-બૉટમ

૧૮૫૦માં ઝિપર આવ્યાં
૧૮૭૩માં જીન્સ પર રિવેટ્સ

છોકરાને એક પૅર ઝિપર-ડાઉન જીન્સથી જ થાય ધરો
છોકરીને enough
એક જીન્સ અને એક જીન્સભેર તોફાની છોકરો

આ પાઠ અહીં થયો પૂરો
ટૂંક સાર એટલો કે જીન્સ વિના માણસ અધૂરો

ઊઠો, કરો ખંખેરોલૉજી
લ્યો ભણી ર્‌યા જીનિયોલૉજી

## ધોવા નાખેલ જીન્સનું ગીત

મળે ડાબા ખિસ્સામાં એક ડૂચો વળી ગયેલ મોરલાનો ટહુકો
સાંભળીને તેં મને આપેલ
કે તું જીન્સ મારું પહેરે અને ઓચિંતો સાવ તને જડે
એમ મેં જ મારા હાથે રાખેલ એવું કંઈક

મળે જમણા ખિસ્સામાં એક સુક્કો પડેલ બોરચણિયાનો ઠળિયો
ચાખીને તેં મને આપેલ
કે ચગળી શકું જો તને આખ્ખેઆખ્ખી તો કેવું લાગે
એ બહાને મેં પોતે જ ચાખેલ એવું કંઈક

રોજ રોજ નવી નવી પાંખોને પહેરવાની ઇચ્છાથી
પંખીનાં ટોળાંનાં ટોળાંએ વરસોથી કાંતેલું
ડેનિમ આકાશ
જરા વેતરીને, માપસર કાતરીને, સ્ટોનવૉશ ધોઈ કરી
લેધરના દોરાથી ડબ્બલ સીવેલ કોઈ જીન્સ જેવો આપણો સંબંધ

પહેલવ્હેલી વાર તારો હાથ મારા હાથે પકડેલ
ત્યારે કોઈ નહિ ક્યાંય સુધી કશું બોલેલ
અને દુનિયા આખી એવી નરવસ થયેલ
પછી હથેળીનો પરસેવો આપણે લૂછેલ
એના ડાઘા દેખાય મારા જીન્સ ઉપર આજે પણ એવા અકબંધ
લેધરના દોરાથી ડબ્બલ સીવેલ કોઈ જીન્સ જેવો આપણો સંબંધ

મળે નીચેની ફોલ્ડ સ્હેજ ખોલતાંક અધધ ધધધ રેતીનો દરિયો
દરિયાને તળિયે કોઈ છીપલાંની વચ્ચેથી હું તને મળીશ
એમ માની તેં દરિયો ઉલેચેલ
કે દરિયાને તારો અવતાર એક ધારી
હું દરિયાના પાણીને ગટગટાટ પી ગયેલ એવું કંઈક

મળે ડાબા ખિસ્સામાં એક ડૂચો વળી ગયેલ મોરલાનો ટહુકો
કે એવું કંઈક
મળે જમણા ખિસ્સામાં એક સુક્કો પડેલ બોર ચણિયાનો ઠળિયો
કે એવું કંઈક

ગોઠણથી સ્હેજ સ્હેજ ફાટેલા જીન્સમાંથી દેખી શકાય
એક દૂર દૂર લંબાતો રસ્તો
ડામરના રસ્તા પર સાંભળી શકાય પછી કાવાસાકીનો કલશોર
અને દેખી શકાય ટાઈટ ક્લોઝ-અપમાં
બાઈક ઉપર સાવ મને ભીંસીને બેઠેલી તું
પછી હંડ્રેડ ઍન્ડ ટ્વેન્ટીની સ્પીડે તું મારામાં વીંઝાતી, તારામાં વીંઝાતો હું

કાઉબૉયની જેમ મારું તારા વિચારોના ખુલ્લા મેદાનોમાં ફરવું
ઝીણી વ્હિસલ તારા કાનમાં વગાડવી
ને ઢિચકાંવ ઢિચકાંવ તને ચૂમવું
રોજ તને રફટફ ચાહવું
કે મળવાને અશ્વોની જેમ દોડી આવવું
એ બધું તો મારે સ્વભાવગત
ઉપરથી તારા ફેંકાયેલા લૅસ્સોમાં હંમેશા વીંટાતો, ખીંટાતો હું
પછી હંડ્રેડ ઍન્ડ ટ્વેન્ટીની સ્પીડે તું મારામાં વીંઝાતી, તારામાં વીંઝાતો હું

મળે છેલ્લા ખિસ્સામાં એક ઇચ્છા, બે વાતો, ને ત્રણેક પ્રસંગો
ઇચ્છામાં હોય એક આઇ.એસ.આઇ. માર્કવાળું
કે એગમાર્ક છાપ
મને ફિટોફિટ થાય
તને અપટુડેટ લાગે
બહુ બૅગી ન હોય, એવું આપણું જ મળવું

વાતોમાં હું જે ન બોલ્યો હોઉં
એમાંથી યાદ હોય જેટલું તને
કે તારી આંખોથી જસ્ટ લાઇક ઘેટ
મેં જે ચોરી લીધેલ હોય એ બધું

પ્રસંગોમાં આપણને રસ્તાની વચ્ચોવચ્ચેથી
કોઈ બેલ્ટનું બક્કલ મળે એમ એક અમથું મળેલ
એક ડેનિમ આકાશના જ ચંદરવા નીચે રચેલ
એક આંખોથી સ્ટૅર કરી, હોઠ વડે ઊજવેલ, એવું કંઇક

મળે ડાબા ખિસ્સામાં એક ડૂચો વળી ગયેલ મોરલાનો ટહુકો
કે એવું કંઇક
મળે જમણા ખિસ્સામાં એક સુક્કો પડેલ બોર ચણિયાનો ઠળિયો
કે એવું કંઇક
મળે નીચેની ફોલ્ડ સ્હેજ ખોલતાંક અધધ-ધધધ રેતીનો દરિયો
કે એવું કંઇક
મળે છેલ્લા ખિસ્સામાં એક ઇચ્છા, બે વાતો, ને ત્રણેક પ્રસંગો
કે એવું કંઇક

મળે ધોવા નાખેલ કોઈ લીવાઇઝના જીન્સમાંથી
વાંકીચૂકી વળેલ ચિઠ્ઠીઓ
ડિઝાઈનર લેબલનાં બિલ્સ
થોડા બ્લૅક ઍન્ડ વ્હાઇટ ફોટાઓ
ફિલ્લમની અડધી ટિકીટો
ને-ગીત એક સિગારેટના ખાલી ખોખા પર લખેલ
આવું કંઇક

## જેસલમેર

આ તરફ રેતીનું રણ
બ્લૂ જીન્સમાં ઊભો જણ

અહિંયાં આખું જેસલમેર
જીન વિનાનો જણ ખંડેર

લો ચાલી ઊંટોની પોઠ
બ્લૂ જીનમાં સજ્જધજ્જ બે રાતા રાજસ્થાની હોઠ

થારા જીનને માફક જીપ સવારી
મારા જીનને તારી, તારી, તારી, તારી

આ પા ખાલી અવશેષો, બ્લૂ mood
મહેલોમાં ખાણીપીણી ને બ્લૂ જીન્સમાં dude !

રણરેતરસરસિકા રાણાજી રંગબ્હાર
બ્લૂ જીન્સમાં બને પ્રસંગો મૅમોરબેલ યાદગાર

## કૉલાજ

ઢગલો થઈને જીન્સ પડ્યાં છે
પડખે ઊંધા ચત્તા ઊંધા સ્નીકર્સ પણ બે પૅર

હવા પડી છે એમ
અચાનક ઠેસ વાગતાં નમી પડી હો ઑબ્સેશનની બૉટલ જેમ
અંધારું પણ
શર્ટ અને સ્વેટરની સાથે કંઈ ક્યારનું અસ્તવ્યસ્ત ને એમનું એમ

બેલ્ટ પડ્યા છે, બક્કલ પણ છે, એક પેર એરિંગ, અને સનગ્લાસિસ

ઢગલો થઈને બધું પડ્યું છે

શબ્દો પણ છે ત્યાં જ પડેલા
અંડરગારમેન્ટ જેવા, બહુ પહેરાયેલા ને સ્હેજ કધોણા શાંત
લેધરની એક પર્સ પડી છે આડી
ઊભું ચૉકલેટના રૅપર માફક ચારે બાજુ પડી રહ્યું છે નિર્વસ્ત્ર એકાંત

જાઝ ક્લબની એક પૅર ટિકીટ પડી છે ફાડેલી, છે રેસ્ટોરાંનું ચુકવાયેલું બિલ
ઢગલો થઈને ક્ષણો પડી છે
સમય પડ્યો છે જાણીતા બે હાથોમાં વીંટાયેલો, સાવ અધીરો, કામાતુર

ઢગલો થઈને જીન્સ પડ્યાં છે
બૉડીમાં કંઈ ઢગલે ઢગલા ઝણકારા ઉપડ્યા છે

ઢગલો થઈને પણે પડ્યાં છે
હું અને તું

## જીન્સ મહિમા

એમ રંગાયો છું હું ડેનિમ રંગમાં રે
અસ્રશસ્ર છોડીને જીનનું વસ્ર ધરી હું પડ્યો જીવનના જંગમાં રે

ભવસાગર કે whateverને પાર ઊતરવા
હરિબરિ કોઈ ખપે નહિ બ્લૂ જીન્સ હરિનું નામ
જીનમાં ખાવું જીનમાં પીવું જીનમાં રહેવું મસ્ત
અસ્ત પણ જીનમાં થાવું, જીનમાં જાવું અમરાપરને ધામ
હવે બ્લૂ જીન્સ હરિનું નામ

પટમાં ખૂબ ધુણાવે મારાં જીન્સ નઠારાં, આવે જ્યારે અંગમાં રે
અસ્રશસ્ર છોડીને જીનનું વસ્ર ધરી હું પડ્યો જીવનના જંગમાં રે

જપને નામે ફેઇડ થવું, તપ કરતાં ફાટી જાવું
જીન્સ આ મારા રામ બન્યાં છે એવાં, જેવા મીરાના ઘનશ્યામ
કામક્રોધ મોહમાયામમતા ઈર્ષ્યાદ્વિષઅનીતિઈતિ તત્ત્વોથી પર જીન્સ
મારા અંગત શંકર, કાલી, દુર્ગા, ચંડી, સાંઇ, ગુરુ સતનામ
એ મારી મીરાના ઘનશ્યામ

મટી-રિયાલિટી છોડીને જવું નહિ કોઈ immaterial સંત સમાગમ સંગમાં રે
અસ્ત્રશસ્ત્ર છોડીને જીનનું વસ્ત્ર ધરી હું પડ્યો જીવનના જંગમાં રે

ઉપરનાં ડેનિમ અને ભીતરનાં છે ઘઉંવર્ણા
ગુરુ અને ગોવિંદ સમા બે સામાં ઊભાં કોને લાગું પાય ?
ઉપરનાં જિવાડે છે ભીતરનાં રોજ જગાડે
બલિહારી ભીતરની જેણે ઉપર સહુનાં શેઇડ, સ્ટાઇલ ને શેઇપ દિયા દિખાય

આમ જુઓ તો જલારામના જેવા પરચા, શક્તિ એવી જેવી છે બજરંગમાં રે
અસ્ત્રશસ્ત્ર છોડીને જીનનું વસ્ત્ર ધરી હું પડ્યો જીવનના જંગમાં રે

એમ રંગાયો છું હું ડેનિમ રંગમાં રે !

## આવાં જીન્સ

આપોને જીન્સ કોઈ આવાં
ક્યારે ન ધોવાં ન ક્યારે સુકાવાં

સાંધા હો સુખના ને શીતળ હો શેઈડ
સાથે ફાટે ને થાય આપણી જ સાથે એ ફેઈડ
નવી નવી સ્ટાઈલોના આપો વરતાવા

આપોને જીન્સ કોઈ આવાં
ક્યારે ન ધોવાં ન ક્યારે સુકાવાં

હોય નવાં ત્યારથી જ જૂનાં એ લાગે
જૂનાં થાતાં જ ફરી નવાં થઈ જાગે
સરનામું આપ પ્રભુ, ક્યાંથી મંગાવા

આપોને જીન્સ કોઈ આવાં
ક્યારે ન ધોવાં ન ક્યારે સુકાવાં

## અંતિમ સચ્ચાઈ

### અ ક્યૂટ લિટલ પોએમ

સૂર્યતેજથી એંબર છે અખિલાઈ
જીન્સ થકી જ્યમ ડેનિમ-બ્લૂ મુગ્ધાઈ

બ્લૂ જીન્સમાં ગિફ્ટ પૅક હો ફૂલગુલાબી બૉડી
સૂર્યતેજથી તપે ઉઘાડી છાતી થોડી થોડી
છુટ્ટાં સ્તન પર જીન્સ એટલે લવંગલતા લલિતાઈ
જીન્સ થકી જ્યમ ડેનિમ બ્લૂ મુગ્ધાઈ

અંધકારના એક પેગમાં બે ટુકડા એકાંત
ત્વચા સ્હેજ ટકરાય અને ધણધણી ઊઠે નિરાંત
અંધકારમાં ઓગળવાની અધધધ ધધધ અધીરાઈ
જીન્સ થકી જ્યમ ડેનિમ બ્લૂ મુગ્ધાઈ

અધરોષ્ઠોના ગાઢ સ્પર્શથી ત્વચા થાય અનપૅક
કળા કરે અંધાર પછી સંભળાય ત્વચાની ગ્હેક
ચહેરા પરથી વરસે કેવી ધોધમાર લજ્જાઈ
જીન્સ થકી જ્યમ ડેનિમ બ્લૂ મુગ્ધાઈ

બ્લૂ જીન્સને સૌ મુગ્ધાઓ પાંચ આંગળે પૂજે
વ્હેલેરાં ઈર્‌રેઝિસ્ટિબલ સ્તન અમારાં દૂઝે
રક્તકણોમાં સાપ વસે છે એ અંતિમ સચ્ચાઈ
જીન્સ થકી જ્યમ ડેનિમ બ્લૂ મુગ્ધાઈ

## Not a poem

તમે તમારાં જીન્સ વિશે શું માનો છો ?

Javier Arroyuelo, Writer:
I am extremely wary of people who do not like dogs and people who do not like blue jeans.

માણસ અને પશુમાં ફરક માત્ર જીન્સનો !

David Hockney, Artist:
There are probably more blue jeans in this house than anything else.

માણસ !
તમે સાલા માણસ છો માણસ !
સાવ માણસ !
જીન્સ સિવાય શું લાવ્યા
અને જીન્સથી વધુ શું લઈ જવાના ?

Isabella Rossellini, Actress:
Some people are revealing a lot about their personal problems by saying that they hate blue jeans.

જીન્સને એક વાર વ્યાકરણ શીખી લેવા દો
અને પછી આ વાક્ય બોલવા દો
'અમને બ્લૂ માણસો ગમતા જ નથી.'

Franco Moschino, Designer:
Jeans are the most perfect example of the way colour and material can transform through being washed and worn.

જીન્સ જીન્સ શું કર્યા કરો છો ક્યારના ?
પાડ માનો જીન્સનો
બાકી પહેરાવા અને ધોકાવા સિવાય
સાવ નક્કામા છો તમે !

Ty Murray, World Champion,
Professional Rodeo Cowboys' Association:
I never had anybody Interview me just about blue jeans. It's my life.

મારા રોજિંદા જીન્સ
બ્લૂ રંગોમાં તરબોળ
આખલાનાં અને આખી દુનિયાનાં
જીન્સ રાતાંચોળ
અબ આયેગા મઝા !

Sandra Bernhard, Actress:
Jeans are great, if you want to have sex. I prefer sex with jeans around my ankles. When you're done pull them back up, button up and just go out for a nice dinner.

સરજણ હારે સરજીયાં
Unisex blue jeans રતન સંસાર

જીન્સ ક્યાંથી આવે છે ?

ચાલો આપણે બધા આપણો
પોતાનો ઈન્ટરવ્યૂ લઈએ.

## કબીર

ચલો ! જીન્સને ક્લૉઝેટમાંથી ક઼્હાડો
પરલોકે, પરદેશ અને પરભાષામાં પહોંચાડો

જીન્સ એટલે ભર્યાભાદર્યાં ભાષાનાં બૉબિન
૬૮,૮૦૦ જેટલા ગુજરાતી શબ્દોથી જીવન જીવવાનું રૂટીન
માણસ સાથે જીનનો સંબંધ કેટલો સીધો, કેટલો આડો ?

ચલો ! જીન્સને ક્લૉઝેટમાંથી ક઼્હાડો

હરીફરીને ઉપડો છેલ્લે કબીરજીના વણકર વાડે
એક ચદરિયા ભીની જીનની કેવળજ્ઞાન બતાડે
ફુલ બનેલા જીવને દાટી જીનથી પૂરો જીનનો ખાડો

ચલો ! જીન્સને ક્લૉઝેટમાંથી ક઼્હાડો

## બ્લૂ પોએમ

સ્કાય બ્લૂ આકાશ અને બે વ્યક્તિ, બન્ને મનમોજી
છોડી બ્લૂ-સ્ટૉકિંગ, છોકરો બ્લૂ-કૉલર, ઘઉંવર્ણોજી

જી હા, હાજી ! બ્લૂ જીન્સનું સ્નીકર સાથે પહેરાવું casualજી
બ્લૂ-બર્ડ જેવાં બેફિકરાં બન્ને, જીવવામાં તે જરાય નહિ punctualજી

બ્લૂસ્ટારને નામે હોટલ, ત્યાં જઈ કાયમ ચોરી છુપ્પી મળવું જી
અદબભેર ને ઠાઠમાઠથી જાઝ બાઝ ને બ્લ્યુઝ પછી સાંભળવું જી

જ્હોની વૉકર બ્લૂ-લેબલની ઑન-ધ-રૉક્સ, જ્યુસ હોય બ્લૂબેરીજી
આંખોથી જે પિવાતું એનાથી તબ્યત લાલગુલાબી લ્હેરીજી

સૂરજ માફક બ્લૂ આકાશે આખો દિવસ મનફાવે ત્યાં ભમવુંજી
સાંજે પડે ને બ્લૂ સાટિનની બેડશીટમાં બેઉ સૂરજનું સેટ થવું, આથમવુંજી

અંધારાની બ્લૂ-પ્રિન્ટનો ખૂણેખૂણો ઑબ્સેશનથી ધબકેજી
બ્લૂ-ફિલ્મની જેમ બેઉના હોઠ પછીથી નેવી બ્લૂ-નિઑન લાઇટમાં ઝબકેજી

વન્સ ઈન અ બ્લૂ-મૂન, એકબીજાથી અમથાં, આમ જ છુટ્ટાં પડવુંજી
બ્લૂ-મુડમાં ખાવું પીવું અને પછીથી મળવાની ઇચ્છાઓનું તડફડવુંજી

સાહચર્યની બ્લૂ-ચિપ કૉર્પોરેશન બન્ને, ઉત્પાદનમાં સવ્વાસો ટન કામણજી
બ્લૂ-નાઈલનાં કાંઠા જેવી એકરૂપતા, અંત બેઉનો બ્લૂ-લગુનનું જનગણમનજી

## જીર્ણોધ્ધાર

ચલો ઉઠાવો જીવનનાં હથિયાર
About time for જીન્નોધ્ધાર

કરો ધજાથી શરૂ
લો ફગાવો ભગવા છંદો, ભગવી ભાષા, ભગવા વાદો
બ્લૂ જીન્સનો કેફ ચડાવો, હેંગઑવર થાવા દો
જીનના ડુપ્લિકેટ જીનથી બચ કે ! હોંશિયાર

ચલો ઉઠાવો જીવનનાં હથિયાર
About time for જીન્નોધ્ધાર

જપો જાપ જીનના, માંડો જીનનો મહાજીનયજ્ઞ
પોતપોતાના જીનમાં પોતે બની રહો સહુ મગ્ન
સાફસુથરાં જીન્સ ચડાવો સાતેવાર

ચલો ઉઠાવો જીવનનાં હથિયાર
About time for જીન્નોધ્ધાર

લાઈટ્સ કૅમેરા, ઍક્શન, કટ
એડિટીંગ ટેબલ પર બોલે જીન્નોધ્ધારની રમઝમાઝમઝટ
સૌથી પ્હેલાં, બુઠ્ઠાં જીનની કાઢો ધાર

ચલો ઉઠાવો જીવનનાં હથિયાર
About time for જીન્નોધ્ધાર

જીનથી જીનનો જીન્નોધ્ધાર
About time ફરી એક વાર
અદલાબદલી કરો જીન્સની હોય તમારે યારજીગરદિલદાર

ચલો ઉઠાવો જીવનનાં હથિયાર
About time for જીન્નોધ્ધાર

## સીનસિનેરી

ફૂલ એક સૂરજમુખીનું હોય, બીજું ન હોય કાંઇ
હોય એવી સીનસિનેરી
બહુ બહુ તો દૂર દૂર દૂર સુધી લીલુંછમ ઘાસ જ દેખાય
એવી સીનસિનેરી

ઉપર આકાશ હોય લીલુંછમ્મ, હોય સ્હેજ ભીનું, નિર્વસ્ત્ર
કોઈ મુગ્ધાના મુખસમ
ક્ષિતિજ પણ હોય નહિ, ઘાસને આકાશમાંય ગેપ હોય
નહિવત્ મિનિમમ
નૈસર્ગિક હોય છતાં મૉનેના લૅન્ડસ્કેપ જેવું દેખાય
એવી સીનસિનેરી

ફૂલ એક સૂરજમુખીનું હોય

નહિ કોઈ પંખી, ના કોલાહલ, વૃક્ષો પણ હોય નહિ
હોય નહિ વાયરાનો ગણગણાટ
કોઈ ક્લાસિકલ ડાન્સ જેવો સીન હોય, પાયલ પણ હોય અને
હોય નહિ છણછણાટ
જોતાં થઈ જાય આંખ દશ્યમુખી, ને પછી દશ્યમાન સૂરજમુખી જ હોય
હોય એવી સીનસિનેરી

ફૂલ એક સૂરજમુખીનું હોય

જીન્સભેર બેઠેલાં આપણે ને સામે એ ફૂલ હોય, ઘાસ હોય
ડેનિમ આકાશ હોય બસ
ઓચિંતી મારા પર આળોટે તું પછી ઘાસ ઉપર આપણે ને
આપણામાં સૂરજમુખીય ધસમસ
જીન્સ જેમ ચોળાતું ડેનિમ આકાશ હોય, બીજું ન હોય કાંઇ
હોય એવી સીનસિનેરી

ફૂલ એક સૂરજમુખીનું હોય, બીજું ન હોય કાંઇ
હોય એવી સીનસિનેરી

## શર્ટ વિના પણ શોભે એવાં જીન્સ

શર્ટ વિના પણ શોભે એવાં જીન્સ
યાને જીન્સ ચડાવી ઊભેલો એક ઓરિજિનલ ને country style વિચાર

કૅટેગૉરિકલ્લી જો કે શર્ટ એટલે પહેરણ
અને આમ વિચાર એટલે વાણી
વાણી યાને જીન્સ લઈને જન્મ્યાં એવાં જીવતરની ઉજાણી

શર્ટ ક્યાંકથી લેવાનો વિચાર
એટલે બ્લૂ જીન્સ સાથે 100% કૉટન વ્યભિચાર

વાણી જેવા અનેક વાદો જીવતર સાથે આવે ફ્રી ઑફ ચાર્જ
શર્ટ શોધવા જવું પડે જે ક્રુ અને બેનેટન એલએલબીન્સ
મા ભોમની વાણીમાં નો ચૉઇસ
જ્યારે પહેરણ સાથે મળે પ્હેરવા કાળાંઘોળાં તપખીરી બ્લૂ જીન્સ

જીન્સ કોઈકને સ્પર્શ્યાનો વિચાર એટલે વ્હાલ
વ્હાલપ યાને બેઉ જીવનાં બધાં જીન્સનો હર્યોભર્યો એક નાનકડો સંસાર

શર્ટ વિના પણ શોભે એવાં જીન્સ

## જીન તખ્ત

જીન ઘર જીન તખ્ત
જા કે જીનમેં બ્લૂ જીન્સ હૈ
ઉસ રાણે કી મુઠ્ઠી મેં હૈ વક્ત

જીનમાં જેણે ખાધું પીધું, મરઘાંનેણી માણી જીનમાં
એ જીનવીરના મનોરથોનો ઘોડો કાયમ winમાં
જીન્સ બિના જીના યાને કે સજા કડી સે કડી, બહુત હી સખ્ત

જા કે જીનમેં બ્લૂ જીન્સ હૈ
ઉસ રાણે કી મુઠ્ઠી મેં હૈ વક્ત

કામકાજથી રાજપાટ, બધું જીનની ચોપાટ
જીન્સ નથી તો નથી, જીન્સ છે તો છીએ
ઘડનારાએ એવો ઘડિયો ઘાટ
રંગ જમાયે જીન કા બ્લૂ, હોંઠો કા રક્ત

જા કે જીનમેં બ્લૂ જીન્સ હૈ
ઉસ રાણે કી મુઠ્ઠી મેં હૈ વક્ત

## ઇસ્ત્રીટાઇટ જીન્સ

એક મૂરખને એવી ટેવ
પ્હેલાં જીનને ઈસ્ત્રી મારે, પછી કરે દાતણ ને shave

ટેવ એવી ટિપિકલ
ઈસ્ત્રીનું પણ કરવું ખૂબ મ્યૂઝિકલ

ચોળાયેલી દુનિયા વચ્ચે ઈસ્ત્રીટાઈટ દેખાડો
આર્ટિફિશિયાલિટી એની બ્હાર પડો કોઈ દા'ડો

એક મૂરખને એવી ટેવ
પથ્થર એટલા પૂજે દેવ
સ્ટોનવૉશ બધા મહાદેવ

દેવ એટલે પૂજવાનું રૂટીન
પાપ ધોવાને થઈ જાતો એક સિન

ઈસ્ત્રીવાળાં મૂરખ રોજ રોજ જીનને અભડાવે
મેલાંઘેલાં થાય હજી એ પ્હેલાં ડ્રાયક્લીન ધોવડાવે

એક મૂરખને એવી ટેવ
પથ્થર એટલા પૂજે દેવ
પાણી દેખી કરે સ્નાન
જીનિયોલૉજીનું ના એને જરીક ભાન

જ્ઞાન ઘણું પૈસાનું અને થોડું વૃત્તિનું
પૈસાથી વેચાતી વલ્ગર પ્રવૃત્તિનું

એક મૂરખને એવી ટેવ
પથ્થર એટલા પૂજે દેવ
પાણી દેખી કરે સ્નાન
તુલસી દેખી તોડે પાન
જીનને ઈસ્ત્રી, એક પ્રકારે અગ્નિસ્નાન

અધકચરું imported culture
આખેઆખાં દેશી vulture

જો મૂરખ ! આ જીન પર જો ઈસ્ત્રીના ડાઘા
સમજુ શાણા !
રહેજો જીનના manipulationથી આઘા

એક મૂરખને એવી ટેવ
પ્હેલાં જીનને ઈસ્ત્રી મારે, પછી કરે દાતણ ને shave

## બ્લૂબેરીઝ

બ્લૂબેરીનો બાગ
બાગમાં બ્લૂબેરીઓ વેરણછેરણ

બ્લૂ જીન્સમાં તને જોઈ હું
જેવો મ્હોરું, ખૂલું, ખીલું, ફાલું
બ્લૂ જીન્સમાં મને જોઈ તું
જેવી મ્હોરે, ખૂલે, ખીલે, ફાલે
મ્હોર્યો એવો બ્લૂબેરીનો મબલખ ફાલ

બ્લૂબેરીનો ભાગ
બાગમાં બ્લૂબેરીઓ વેરણછેરણ

બ્લૂ જીન્સ હું પ્હેરું, બીડું, ફોલ્ડ કરું
મારાં બધ્ધાં જીન્સ સ્હેજ ફેડેડ, સ્હેજ ફાટેલ
બ્લૂ જીન્સ તું પ્હેરે, બીડે, ફોલ્ડ કરે
તારાં બધ્ધાં જીન્સ નવાંનક્કોર
રંગ બ્લૂબેરીઓનો ડીપ ડાર્ક અને કોબાલ્ટ

બ્લૂબેરીનો બાગ
બાગમાં બ્લૂબેરીઓ વેરણછેરણ

બ્લૂ જીન્સમાં હું
અને તું મારી ઉપર વેરણછેરણ
બ્લૂબેરી પર તું
અને હું તારી અંદર વેરણછેરણ
બ્લૂ જીન્સ પર બ્લૂબેરીઓ ફાટેલી ફેડેડ

બ્લૂબેરીનો બાગ
બાગમાં બ્લૂબેરીઓ વેરણછેરણ

બ્લૂજીન્સનો બાગ
બાગમાં હું અને તું વેરણછેરણ

## ઇન્ફિનિટ પટેટો

One potato
જીન લપેટો

One potato, two potato
બ્લૂજીન્સમાં ભડનો બેટો

One potato, two potato, three potato
કોઈ રહી ના શકે જીન્સથી છુટ્ટો, છેટો

One potato, two potato, three potato, four
જીન્સ એટલે bio- physio- cosmo- જેવાં ત્રણ મહાભૂત તત્ત્વોનો ત્રિભેટો

One potato, two potato, three potato, four potato,
five potato
આઠે તત્વો, આઠ દિશાએ, આઠે પ્હોરે, ઝળાંહળાં હો
ક્યાં છે એવો ghetto?

One potato, two potato, three potato, four potato,
five potato, six potato
ડ્રેસ કોડમાં ટક્સીડો છે, આલિંગનના પ્રોટોકોલ, ચલો ઊઠો
આ જીન્સ બીન્સના ખેલ સમેટો

One potato, two potato, three potato, four potato,
five potato, six potato, seven and more
ઇન્ફિનિટ પટેટો વાંચો, બોલો ગોખો

બધાં જીન્સને વાઢી નાખો, જીવતર એમ જ કાઢી નાખો
બંધ કરો આ શોરબકોર
One potato, two potato, three potato, four

## Weekends

હાશ ! ફરી આ weekend આવ્યું finally
ક્યાંય નહિ જાવા-આવવાનું specially

ટાઈરૅક પર ટાઈ રેંકતી, હેંગર ઉપર હીંચકતા જેકેટ, લટકતા સૂટ
ક્લૉઝેટમાંથી કાઢો ઍન્ટિક જીન્સ, નિકાલો નાઈકીમાંથી ઍર
સ્હેજ વધેલી દાઢી ઉપર બેઝબોલની કૅપ પછીથી વિખરાયેલા વાળ
Weekdaysની ભાંગી છે જંજાળ, ભજો સુખેથી જઈને મૅક્ડૉનાલ્ડમાં શ્રીગોપાળ

Business, fizzness, Monday morning, ત્યાં લગ વિચાર શેખચલ્લી
હાશ ! ફરી આ weekend આવ્યું finally

સૌથી પહેલાં CVS અને પછી post office, વચ્ચે વચ્ચે બેંક, બ્રેડ ને ઈંડાં
Yard-saleમાં stop-by ને મંદિરમાં just show-up
Weekendsને છે errandsનું વરદાન, અને લોકોને એની ટેવ
કેટકેટલા તપનું ફળ weekend, ઉપરથી બ્લૂ જીન્સના પ્રકટ્યા દેવ

બ્લૂ જીન્સ છે શિવ સમા તો સ્નીકર એના નંદી originally
હાશ ! ફરી આ weekend આવ્યું finally

Weekdaysમાં hardwork ને weekendsમાં yardwork
Oil-changeના આંટાફેરા, Car-washનાં કામણ
ઍરપોર્ટ પર આવન-જાવન કોઇ-કોઇને મૂવ કરાવવું મનભાવન
Weekdaysમાં સ્પીડ લાઇફની seventyની, શનિરવિમાં થઈ જાતી પંચાવન

Weekends છે તો જીવનમાં છે life, કહું છું hypothetically
હાશ ! ફરી આ weekend આવ્યું finally

એક weekend તો આવે એવું North-eastના foliage જેવું
જીન્સ પહેરતી કોઈ કલરફુલ મુગ્ધા આવે થનગનતી
વૃક્ષો પરથી પાન ખરે એમ એકબીજા પર ખરતાં રહેવું
ફરતા રહેવું ન્યૂયોર્ક જેવી સીટીમાં
ખરતાં, ફરતાં સાંજ પડે, સૂનકાર થાય ને છેલ્લે બન્ને જીન્સ લટકતાં ખીંટીંમાં

Weekends તો આવે ને જાય, કવિજીવને શબ્દ ભલા, ને જીન્સ ભલાં
ને મુગ્ધા ભલ્લી
હાશ ! ફરી આ weekend આવ્યું finally

## અભિસાર

બ્લૂ જીન્સનો બંધાવો ઈસ્કોતરો
ઈનિશિયલ છાતીમાં ઊંડે મુગ્ધાની પણ કોતરો

પેકિંગમાં તો કલમ અને કાગળની સાથે
બેઉ હોઠમાં ગિફ્ટરૅપ લો, ઇસ્ત્રીટાઇટ ઇન્ફેચ્યુએશન
વિચાર, વ્હાલપ, વાતો સાથે
એક જોડ પૉલિશ કરેલું સાવ ચકાચક પૅશન

બૉડીના આ ગાડામાં લો, બળદ જીન્સના જોતરો
ઈનિશિયલ છાતીમાં ઊંડે મુગ્ધાની પણ કોતરો

પ્હોંચ્યા ભેગાં ચાર આંખમાં જોઈ લીધાનાં લાઇવ હૅન્ડગ્રનેડ
સ્પર્શના ચકમક ઝરવાં બાકી
વાતોમાં સિમ્ફનીઓ વાગે અને મૌનમાં સોપ્રાનો
સપનાંઓ અનપૅક કરો તો નીકળે થોડાં ડેનિમ, થોડાં ખાખી

અભિસારનો અર્થ એટલે ખુદ આપણે બની જવું સંપેતરો
ઇનિશિયલ છાતીમાં ઊંડે મુગ્ધાની પણ કોતરો

મૃગલી થાતાં રહી ગયેલી મુગ્ધાને મળવા જાવામાં
માણસ થાતાં બચી ગયેલાં વૃક્ષોનો સંગાથ
મળવા થનગન ઘોડા ઉપર બ્લૂ જીન્સનાં પલાણ નાખી ઊપડો
ઊપડો જાણે એમ કે ઊપડ્યા બરફ રસ્તે બદરીનાથ

સરપ્રાઇઝ ! મુગ્ધાને કોઈ સંદેશો ના મોકલવો આગોતરો
ઇનિશિયલ છાતીમાં ઊંડે મુગ્ધાની પણ કોતરો

બ્લૂ જીન્સનો બંધાવો ઇસ્કોતરો

## બ્લૂ જીન્સના કરંડિયામાં નાગ

જીન્સ પહેરતાં બૉડીમાં કંઈ થાય છે
કહું છું physiologically
એક સ્પર્શના ઘોડાપૂરમાં જીન્સ તણાતાં જાય છે
કહું છું biologically

સ્હેજ ઝળૂંબું તારી ઉપર ત્યાં જ બધે ગોરંભાતું એકાંત
તને ડંખવા ત્વચા કરે ફુત્કાર, આંખમાં સળવળસળવળ સાપ
રૂને પીંજે કોઈ પીંજારો, એમ પછી તું મારામાં પીંખાય છે
કહું છું metaphysically

પછી ડોકમાં અંધારું પણ કૂણાં બટકાં ભરે
જીન્સ એકબીજામાં એવાં ભીંસાતાં કે પીસાતા હોઠેથી જાણે ચકમક ચકમક ઝરે
સ્તન પલાણવા અશ્વો મારા હોઠેથી ઠેકાય છે
કહું છું geologically

બ્લૂ જીન્સના કરંડિયામાં નાગ, અને તું મહુવર થઈને વાદીડાના ખેલ કરે
અંધારાથી પડે ત્વચા પર ઊભેઊભા કાપ, શ્વાસમાં તેજલિસોટા સરસર સરે
નિતંબ યાને સૂરજનો ધગધગતો ગોળો, હથેળીઓમાં તોડુંફોડું થાય છે
કહું છું topographically

ત્વચાના તેજ તોફાની વંઠેલા તોખાર, હવે ના ઝાલ્યા ક્યાંય ઝલાય
ગંધ છૂટતા હણહણતા ઉંહકારાઓ પણ, છાતી ઉપર ધડીંગ ધડીંગ ઠોકાય
એક સામટી એકવીસ તોપું ફૂટે એવું ક્ષણભર માટે થાય છે
કહું છું uncontrollably

ધસી આવતા ક્યાંથી કેવા કોણ બધા આ ભડવીર્યો
કાં હાંફે આ હવા પછી અંધારું ને આ બ્લૂ જીન્સના શૂરવીર્યો
જીન્સ પહેરતાં બૉડીમાં તું સ્હેજ સ્હેજ રહી જાય છે
કહું છું all that ને additionally

પછી અચાનક બૉડીમાં ઉઘાડ પામતું ધોધમાર વરસાદ પછીનું આભ
લોથપોથ છાતીપર માથું એમ ઢળે જેમ આળસ મરડી બેસે કોઈ નવાબ
જીન્સ આખરે પંચમહાભૂતમાં જઇને વિલાય છે
કહું છું That's it ને eternally

જીન્સ પહેરતાં બૉડીમાં કંઈ થાય છે
કહું છું physiologically
એક સ્પર્શના ઘોડાપૂરમાં જીન્સ તણાતાં જાય છે
કહું છું biologically

## ધોબીઘાટ

ધોબી ઘાટે જીન્સ ધોઈને રાઘવજી ધોબીએ તુરત જ
ઘેર જઈ રંભા ધોબણને જુવારની રોટી જમતાં જમતાંજમતાં
જે ધીમે રહીને ચરોતરીમાં કહ્યું
એ અંગ્રેજીમાં કહેવું હોય તો એમ થાય કે
'Jeans cause primitive, creative and destructive urges.'

બ્લૂ જીન્સના ફિરંગી-દોરંગી શ્લેષથી જ
ધોબણ પણ ઈન્સ્પાયર થઈ
કઢી લેવાનો આગ્રહ કરતાં બોલી
'Blue jeans
The blue of sea
The blue of sky
Blue jeans forever for me'

ધોબીને ગમે જીન્સ zipper-down
ગમે ધોબણને જીન્સ button-down

ધોબણનાં જીન્સ એટલે રૉક-ઍન્ડ-રોલ, જાઝ અને બ્લ્યૂઝ
ધોબીને મન એ તો દાસી જીવણનું ભજન

ધોબણને એમ છે કે ખરા દિલે જીનને કોઈ પૂજે તો
સ્ત્રી એના પતિની માનીતી પત્ની થઈ જાય
ધોબીને એમ છે કે જીન્સ એ તો
રેડ હૉટ પ્યૉર વાઇલ્ડ સેક્સ

મોડેથી બત્તી બૂઝાવી, પથારી પર સન્નાટો પાથરીને
ઊંહકારો કરી એક, સાડીના રૂપકમાં દિવસનો થાક દૂર ફેંકી
ધોબીના પડખામાં સૂતેલી ધોબણને એવું કંઇક સાંભળાયું
'Jeans have nothing to do whatsoever with Dadaism, Futurisim and/or Surrealism'
ધોબણે હં-કારો કરી કહ્યું, ‘હશે,
for that matter nothing has nothing to do whatsoever with nothing’

ધોબીની બથમાં adjust થતી ધોબણે whisperમાં કહ્યું,
‘રોજ રોજ ધોવાતાં, પછડાતાં, સુક્કાતાં, પથરાતાં
પહેરાતાં આપણાં જ જીન્સને જોવ ને !’

ધોબીએ ચુંબનથી કહ્યું, ‘Absolutely!’
ધોબણ વંટોળાઈ, શ્વાસ પછી તો વેરણછેરણ, અંધારું પણ ચીરેચીરા
'The night is good because of અરસપરસનાં આકર્ષણનાં genes.'

## જીન્સ કાપીને કરેલ ચડ્ડીનું ગીત

ટૂંકી ચડ્ડી કે જીન્સ કાપેલું કસકસતું ટૂંકું ને ટચ
કોઈ કન્યાની ટૉપલેસ બૉડી પર જોવાનું સુખ વેરી મચ

કાપીકૂપીને એમ ટૂંકાવાતું જો હોય બધ્ધું
તો ટૂંકાવવા છે મારે અંધારાં
અજવાળાં, સ્થળ અને કાળ, વાર, તહેવારો, ચોઘડિયાં
જીન્સ જેમ જીવવાનો જંગ પણ ટૂંકાવું
ને અલ્લાલાબેલી ! આ શ્વાસોચ્છ્વાસોનાં હથિયાર પછી ના છડિયાં

કાં પછી વિચારોના વૈભવને મૂકીને તડકે
ધોધમાર તડકામાં, જીન્સભેર ન્હાતી
કોઈ ફૉરેનર કન્યાને જોયા કરવી છે ચૂપચાપ
નરી આંખેથી ટગ ટગ ટગ નર્યા હોઠેથી બચ બચ બચ

ટૂંકી ચડ્ડી કે જીન્સ કાપેલું કસકસતું ટૂંકું ને ટચ
કોઈ કન્યાની ટૉપલેસ બૉડી પર જોયાનું સુખ વેરી મચ

આમ ભલે કહેવાઇએ મેઇડ-ઇન હિઅર-ઍન્ડ-ધેર, બ્રાન્ડ સો-ઍન્ડ-સો છાપ
બાકી ચડ્ડી બનાવવા જ ફાડીને ફેંકાયલ
નવ્વાંનક્કોર કોઈ જીન્સ જેવા હું, તમે ને આપણે
આપણને કાપીકૂપી બનેલ ચડ્ડીઓ લ્હેર કરે
કોણ જાણે ક્યાં ક્યાં ને કેવી કોઈ ટૉપલેસ બૉડીના તાપણે

અસ્સલમાં આપણે તો અશ્વત્થામાએ
રગદોળીને ફેંકી દીધેલ કોઈ સેકન્ડહેન્ડ જીન્સ
અને કહેતા ફરવાનું કે આઈ એમ સચ-ઍન્ડ-સચ

ટૂંકી ચડ્ડી કે જીન્સ કાપેલું કસકસતું ટૂંકું ને ટચ

પાદરનો સીન હોય, વડવાઇઓ હોય થોડાં છોકરાંઓ હોય,
એક ગાડું પણ હોય, અને હેલ લઈ ઊભેલી પનિહારી હોય
એવું પિક્ચર પરફૅક્ટ કોઈ નૈસર્ગિક સૌંદર્ય જોતાં થઈ જાય, અરે વાહ !

પણ અમથી દેખાઈ જાય જીન્સભેર બાઇક ઉપર બેઠેલી
ઉપરથી નીચે લગ ઍટમબૉમ્બ છાપ કોઈ હણહણતી બ્લૉન્ડ
તો સવ્વા ત્રણે કરોડ રૂંવાડાં સોંસરવી સણસણતી નીકળી જાય, આહ !

જો કે આમ બધો જીન્સનો જ વાંક
બાકી આપણે તો રહ્યાં મૂળ માણસની જાત
પછી હોય ભલે દેશી કે ફ્રેંચ વળી સ્કેંડિનેવિઅન અને ડચ

ટૂંકી ચડ્ડી કે જીન્સ કાપેલું કસસકતું ટૂંકું ને ટચ
કોઈ કન્યાની ટૉપલેસ બૉડી પર જોયાનું સુખ વેરી મચ

## પાનબાઈ અને બ્લૂ જીન્સ

મોહ અને માયા તમે બ્લૂ જીન્સની રાખો, પાનબાઇ
બીજી બધી છે માયાજાળ રે
રૂપ અને રંગ-ઢંગ મિથ્યા સમજવા, પાનબાઇ
રજકર્મનો એ રંજાડ રે !

ગૂંથે વીંટે, મહાસુખને ઉપજાવે
એવો ડેનિમ રંગ
બાકી સઘળા છે રંગ-રાગ રે

પ્હેરે ઓઢે બધાં આસુરી કામ ત્યજાવે
લેવાં તો જીન્સ એવાં લેવાં
લેવાં નહિ બીજાં વીતરાગ રે

આશા ને તૃષ્ણા તમે રજકર્મની છોડો, પાનબાઇ
જીન્સની કરી લ્યો ઓળખાણ રે !
મોહ અને માયા તમે...

બ્લૂ નહિ તો બ્લૅક પણ લેવાં
મટી જાય જો જીન્સ તણો ખટરાગ રે

બ્લૂ જીન્સના પરચા અપરંપાર
કરાવે લિંગવાસના, આસક્તિનો ત્યાગ રે

રજોગુણ, તમોગુણ, સ્વપ્ને પણ છોડી ધ્યો, પાનબાઇ
કરો સતવગુણની તાણાવાણ રે

મોહ અને માયા તમે બ્લૂ જીન્સની રાખો, પાનબાઇ
બીજી બધી છે માયાજાળ રે !

## Chemist ચોતરફ

રહેવા દે Chemist !
મને તું પૂછ્યા તો કર at least !

વસ્ત્રહીન હું નિર્જન વનમાં હરતો, ફરતો
ચિત્ત-શાંતિના મંત્રો ભણતો
શ્રીનાથજીની અસીમ કૃપાથી અફલાતુન મળી છે લાઈફ એવા વિચાર કરતો
એમાં પાછી
'ડેનિમ કપડાં કેમ હજી તૈયાર નથી'ની માથાફોડી

અને તું કમ્પ્યૂટરના કી-બોર્ડ પર બેઠો બેઠો
Adding, mixing, grading, tinting, styling, સૌની મા પૈણે છે ?
આપે છે તું straight forward simple ડેનિમ કપડાં ?
કે પ્હેરી લઉં હું ઝાડ ઉપરથી વલ્કલ તોડી

ડેનિમ કપડું artificial stonewash કરવા બેઠો છે ?
અરે તું chemist છે કે beast ?

રહેવા દે ! Chemist !
મને તું પૂછ્યા તો કર at least !

નથી જોઈતા sandblast કે icewashed
lightwashed કે whitewashed
Stonewashed થાવા દે જીનને automatically
fade થાવા દે જીવની જીનને માફક theatrically
Chemist થઈને સાદુંજીવન, સાધુજીવન જીવવાની
Chemistry please નહિ બગાડ !

નમ્ર વિનંતી મારી જો ના સમજાતી હો તને, તો લે, I Insist !
નથી જોઈતી મારે તારી 'Life with a twist', I Insist !

મને તું પૂછ્યા તો કર at least !

## ધોબીપછાડ

ધોબીપછાડ માર ધોબીપછાડ
ઊઘડ્યાં કમાડ સાવ ભીતર ઈસ્ટાપડી ચડાવેલાં ઊઘડ્યાં કમાડ

ધોબી, બ્લૂ જીન્સ અને છિપ્પરને એવો સંબંધ ગાઢ એવો સંબંધ
સૂરજ, આકાશ અને પાણી જેમ સાવ તંતોતંત એકાબીજામાં અકબંધ
કેવો રંજાડ, ખૂબ જીવવાના ઉદ્દેશે રફટફ થવાનો આ કેવો રંજાડ

ધોબીપછાડ પડી ધોબીપછાડ
ઊઘડ્યાં કમાડ સ્હેજ શબ્દોના હડસેલે ઊઘડ્યાં કમાડ

અર્વાચીન માણસને બ્લૂ જીન્સનું સુખ સાવ નિર્મમ, નિર્ભ્રાંત સુખ
માણસનાં જીન્સ હવે કાળમીંઢ થયાનું જ દુઃખ, દુઃખ કેવું પ્રચંડ દુઃખ
મોટી તિરાડ, પડી માણસ પછાડતાં જ છિપ્પર પર મોટી તિરાડ

ધોબીપછાડ કેવી ધોબીપછાડ
ઊઘડ્યાં કમાડ જેમ પાપણ ઊંચકાય એમ ઊઘડ્યાં કમાડ

હમણાનાં જીન્સથીય વ્હેલેરાં ફેઈડ થાય માણસ, કેં ફાટી જાય માણસ
માણસને એવી પછાડ માર વાલા ! માણસ થૈ જાય પાછો માણસ
બ્લૂ જીન્સ ડસાડ મને, મારામાં માણસનું ઝેર ચડયું, બ્લૂ જીન્સ ડસાડ

ધોબીપછાડ ખૂબ ધોબીપછાડ
ઊઘડયાં કમાડ સાત ભવના ભીડેલાં આ ઊઘડ્યાં કમાડ

ધોબીપછાડ માર ધોબીપછાડ

## રામનામના પીળા દોરે !

જીનમાં હરવું, જીનમાં ફરવું, જીનમાં ખાવું, જીનમાં પીવું
રામનામના પીળા દોરે, જરી રહેલા જીનને સીવું

જીનમાં જરવું, અજરામરવું
એક જીન સાથેના વારંવાર સંબંધે
એક જીવ સાથેના પારાવાર સંબંધે
વિચારના વહેવાર સંબંધે
પ્યાર અને કોઈ પ્યોર સંબંધે

બ્લૂ જીનના ચકમક ખેરી અંગતને હું અંગતમાં સંજીવું

જરી ગયેલા જીનને સાંધું
વધુ જરે, એ ઘણું જરે, એ બહુ જરે, એ જર્યા કરે
બહુ જરેલા જીનની માયા મોટી
એન્ટિક જેવા જીન્સ પાડતાં
જરી જવાની બધી થિયરી ખોટી

જરી રહેલા એક જીનના તાણાવાણે ક્યાં લગ જીવું ?

રામનામના પીળા દોરે, જરી રહેલા જીનને સીવું
જીનમાં હરવું, જીનમાં ફરવું, જીનમાં ખાવું, જીનમાં પીવું.

## રોબૉને પ્રાર્થના

ડિટ્રોઈન મિશિગનમાં મિકૅનિકલ કંપની છે એક
નામ એનું Fanuc Robotics
Fanuc બનાવે છે રોબૉ

રોબૉનું કામ રંગ બ્લૂ જીનમાં છાંટવાનું
બ્લૂ જીનની ફેકટરીમાં
સ્ટોનવૉશ થાય પછી જાય જીન રંગાવા
સ્પ્રેગનથી છાંટે આ રોબૉ
પોટાસિયમ પરમેંગેનેટ
એનાથી બ્લૂ થયેલ જીન ઉપર ફરી થાય
ન્યૂટ્રલાઈઝેશનનું કામ

અને આમ સટાસટ બની જાય
કલ્લાકના બસ્સોના હિસાબે બ્લૂ જીન્સ તમામ

સ્ટોનવૉશ બેઠો છું હું પણ તૈયાર
હું પણ કરું છું એવા રોબૉનું અનુમાન
સૌ કોઈની જેમ એનું નામ આપું હું પણ ‘ભગવાન’

જીનની ભાષા જ હવે વાચું છું
મારા ભગવાનને હું યાચું છું

આપો મહારાજ
મને આપો મહારાજ
સ્વર્ગસુખ આપો મહારાજ
મને જીનસુખ આપો મહારાજ

રમતો આપો
મને ભમતો આપો
શેઈડ મને ખૂબ મનગમતો આપો

જીન મને એવાં આપો
મિલિસેકન્ડમાં માપી શકાય
સ્હેજ કાપી શકાય અને કૂપી શકાય
કોઈ મનગમતી મુગ્ધાને આપી શકાય

જીન હોય જીનીયસ ઑવરઑલ
મૂકો મહારાજ
એમાં મૂકો એક સુખીદુઃખી Soul

આપો મહારાજ
મને આપો મહારાજ

જીન એક અમથો આપો
ફેઈડ થાવાની શરતો આપો
જીન લેવા આવવાનો એક રસ્તો આપો

સ્વર્ગસુખ આપો મહારાજ
મને જીનસુખ આપો મહારાજ

કાશી બનારસના પંડાઓ પાસેથી
ઝૂંટીને, લૂંટીને
બાપાનાં
દાદા પરદાદાનાં
મારા વડદાદાનાં
માનાં પણ આપો
નાનીમાનાં આપો
આપો તો વડીમાનાં આપો

આપો તો ગ્રેઈડ મારો બધાને મળતો આપો
મારી બૉડીને જીન મારો ભળતો આપો

આપો મહારાજ
મને આપો મહારાજ

મંજીરા લઈ
માથે તિલ્લક કરી
ફૂલમાળા પ્હેરી
ધૂપ મઘમઘ થઈ

સ્ટોનવૉશ બેઠો છું હું પણ તૈયાર

સર્વસુખ આપો મહારાજ !
મને જીનસુખ આપો મહારાજ !

## ધ પિયાનો

એક પિયાનો
બે આછાં બ્લૂ જીન્સ
ત્રણ વાગ્યાનો શો
ચાર કૅરેક્ટર્સ મેઈન
પાંચ પાંચ ડૉલર પર પરસન
છ સિનેમા એક હારમાં
સાતેક એમ-ઍન્ડ-એમની કૅન્ડી
આઠ ઔંસની સોડા ડાયેટ
નવસો પૉપકૉર્ન ફ્રેશ બટર વિથ સોલ્ટ

અંધારાના કી-બોર્ડ પર હોઠ વડે જે વાગે એ જ પિયાનો
આંખ વડે કહેવાય બધું તે સ્ટોરી
બે સીટ્સની 35MM ફ્રેઈમમાં થાય બધું તે મૂવી.

## ડુંગર કેરી ખીણમાં

ખંતીલા એક ખેડૂત, નામે પટેલ બેચર ભૈ
બેચર ભૈને બ્લૂ જીન્સ સાથે લેવા દેવા નૈં

માદરપાટનું મેલું ચોયણું અને કેડિયું સાવ કધોણું
બેચર ભૈના વૉર્ડરોબમાં કપડાંનું આ એક જ જોડું
જીન્સ ઉપર પણ શોભે એવા જેન્યુઇન લેધરના બૂટ્સ
બ્લૂ જીન્સ કરતાં લાંબાં ઊંડાં બેચર ભૈનાં રૂટ્સ

સ્ટોનવૉશ છે કાયા, માયા રાજકોટના સ્ટેશનની
પેરિસ બેરિસ મા પૈણતા, કોણ કૂટે લઇ ફેશનની
ધરતીમાંથી મેઇડ ઇન પોતે, ટોટલ નેટિવ સ્ટાઇલ
થવા કાળ સૌ ફેઇડ થવાનાં, જીવવું ફોર અ વ્હાઇલ

બેચર ભૈ ના સમજે આથી વિશેષ બીજું કૈં
બેચર ભૈને બ્લૂ જીન્સ સાથે લેવા દેવા નૈં

એક બિયારણ, બીજું ખાતર, ત્રીજું બ્લૂ આકાશ
કીચુડ બોલે કોસ, પડે ખેતરમાં ઊભા ચાસ
ખેડ કરીને રગેડ થ્યાં છે, આંખો, રુદિયો, માંહ્યલો
પેરિસમાં પણ પોપ્યુલર બેચર ભૈ જેવી નેટિવ સ્ટાઇલો

અઢી રોટલા શિરામણમાં, રોંઢે કોરી પટલાણી
જાઝબાઝના જલસા છોડો, બેચર ભૈની ભેંસ વિયાણી
ચલમ ધુમાડે ડિપ્રેશન ગ્યાં, બધી દુવિધા ગઈ ગઈ તે ગઈ
ખેતરથી જે છૂટી પડી છે, એ જનતાની જોવા જેવી થઈ

Slimfit, Loose, Classic જેવા શબ્દો પર છે બેચર ભૈની સહી
બેચર ભૈને બ્લૂ જીન્સ સાથે લેવા દેવા નૈં

Volvo કરતાં safe અને accident free છે બેચર ભૈનું ગાડું
પટલાણી સાથેનું સગપણ પેટીપેક, ડેનિમ કરતાં જાડું
લગનસરાની મોસમમાં બેચર ભૈ ઘરમાં બેસાડે છે દરજી
ખિસ્સા જેટલું ખૂટી પડે તો એને પૂરું પાડે છે હરિહરજી

અવસરિયાં તો તંગ ફિટોફિટ, રોજિંદું જીવન બહુ બૅગી
મેન્યુફેક્ચરરે પણ કઠણાઈ અને comfort મૂકી છે ભેગાભેગી
'ઓણ સાલ ઊપજ થાવાના' થીગડાંઓથી શોભે જીન્સ
બેચર ભૈનાં જીન્સ આમ તો સાત પેઢીએ ડેનિમનાં કઝિન્સ

બોલો બ્રૂક શીલ્ડસ્‌ની જૈ અને મા ચામુંડાની જૈ
બેચર ભૈને બ્લૂ જીન્સ સાથે લેવા દેવા નૈં

## ખેડૂત કન્યા

સોળ વરસની થાઉં થાઉં થાવામાં કટલી વાર હજી સૈં
હું ને મારા જીનની વચમાં કાંઈ કરતાં ને કાંઈ જ નૈં

જીન ચડાવી સીમ ઠેકું ત્યાં જીનની ડમરી, જીનનું જંતર
જીનના અમથાં કોસ કરે કીચૂડ
રીડિયાપટ્ટી કરે ધોરિયાં, માહ્યલીપા તો ડૂંડાં ઊગું ઊગું
મૂઈ લીલોતરિયું સંધ્યુંય માથાબૂડ

રહેવાતું નથ રંભા, ઘડી ઘડી ન કહું છ્, બકી ન મરતી કૈં
હું ને મારા જીનની વચમાં કાંઈ કરતાં ને કાંઈ જ નૈં

જીનની હારે ઘંટીમાં ભઈડાઉં, મને પીલી હું કાઢું પંડ્યની ઘાણી
સે કોઈ મારા જીન પર છંદ ઠઠારે એવો દુલો ભાયો કાગ
માંઈનો લાલ કોઈ મેઘાણી

ડિલ મારું આ રૂંવે રૂંવાં અખંડ ધૂણી અને હવા જો ફૂંક મારીને ગૈ
હું ને મારા જીનની વચમાં કાંઈ કરતાં ને કાંઈ જ નૈં

છૂટ પાણીએ ધોઈ જીનને લીમડા ઉપર નાખું
નાખું ન્યાં તો મૂઓ વાવડો કેવી બથ્થું ભરે
ભરબપોરે ઊભા મોલે તડકાઓ જે કરે જીનને
એવું સારીપટ મને કોઈ કરે

વૈદ-જોશીડાં તેડાવો રે ! તેડાવો કોઇ ! શું થાશે હું સોળવરસની થાઇશ જૈં
હું ને મારા જીનની વચમાં કાંઈ કરતાંને કાંઈ જ નૈં

ધોળું ચોયણું, લીલું ખેતર
રાતી બંગડી, કડકડતું બ્લૂ જીન્સ
અભણ ખેડુતણ, આટલું ભણલ
કાલાઘેલા વાંહે, મોરથી ધગધગતી એક કિસ
અધકાચી છઉં બટકે બટકા ચાખો, પછી થાવાનું સે ઈ જોયું જાશે તૈં

સોળ વરસની થાઉં થાઉં થાવામાં કટલી વાર હજી સૈં
હું ને મારા જીનની વચમાં કાંઈ કરતાંને કાંઈ જ નૈં

## ઇન્ફૅચ્યુએશન

બ્લૂ જીન્સ પર ફ્લોળું ફ્લોળું
વ્હાઇટ કોટનનું ટી
બાંય ચડાવી પરિધાન કરવાની
તારી ટેવ મને ગમી

ચડાવવામાં—
ચાર
બંગડી ઍન્ટિક સિલ્વર
નાદ વૈભવી નામ ઉચ્ચરે તારું મારું ખનકે જ્યારે ચારે ચાર
ત્રણ
ઠેકાણે બૉડી પર કોકોના શેનલ નંબર ફાઈવ નંબરનું અર્ઘ્ય
સ્હેજ કાનની બુટ પછાવડે પહેલું અર્ઘ્ય, હડપચીની નીચે થોડું બીજું
ડાબા સ્તનના ઈશાન ખૂણે સ્લાઇટ ત્રીજું
બે
બૂટ જેન્યુઈન લેધર
બે જ બૂટ કાફી છે કોઇની પ્રદક્ષિણા કરવાને
એક
નાકનું ટિચકણિયું
કોઈના ગાલે ખંજન ભરવા

અને પછીથી અરસપરસ તાકી રહેવાનાં શસ્ત્રો

બાણ વડે ના કહી શકાય તે
આંખ વડે કરવાની
તારી રીત મને ગમી

બ્લૂ જીન્સ પર પ્હોળું પ્હોળું
વ્હાઈટ કોટનનું ટી
બાંય ચડાવી પરિધાન કરવાની
તારી ટેવ મને ગમી

પરિધાન કરવામાં–
પહેલું
મનમુખડું જે ઇન્ફૅચ્યુએટ કરી ગયું છે એનું
બીજું
નિર્વસ્ત્રીય સ્પર્શ સાવ છાતી પર છાનોમાનો એના નામે
ત્રીજું
કરવું પરિધાન એકાંત અમસ્તું થોડું
અંતે તો
શૃંગારકાંડ શાસ્ત્રોક્ત
ઇન્ફૅચ્યુએશનને પણ ટી-શર્ટની માફક casually પરિધાન કરવાની
તારી સ્ટાઇલ મને ગમી

બ્લૂ જીન્સ પર પ્હોળું પ્હોળું
વ્હાઇટ કોટનનું ટી
બાંય ચડાવી પરિધાન કરવાની
તારી ટેવ મને ગમી

ગમી જવામાં –
રંગ એક સેફાયર બ્લૅક
સુંગધ ઑબ્સેશનની
રૂપ કોઈક રાણકદેવીનું
વસ્ત્ર કોઈપણ સ્ટોનવૉશ ધોયેલું
આભૂષણ ઈન્ફૅચ્યુએશન – ૨૪ કૅરેટ ચોખ્ખું

ગમી જવાના સંતાડી રાખેલા સઘળા ભેદ ખોલવા મથતી
તારી નજર મને ગમી
હું પણ બાંય ચડાવી એમાં સિગરેટ સાથે સાહચર્યનાં ખોખાં મૂકું
એવી તારી જીદ મને ગમી

બ્લૂ જીન્સ પર ફ્હોળું ફ્હોળું
વ્હાઈટ કોટનનું ટી
બાંય ચડાવી પરિધાન કરવાની
તારી ટેવ મને ગમી

## Genes shopping

USAથી ટૂંક સમયને માટે આવવું
Green card ને travellers ચેકોનું લાવવું

જીન્સ ઉપર જૅકેટ ચડાવી સહાર ઉપર પગ મૂકતાં પહેલો સવાલ
'ક્યાં છે કામુક કન્યાઓ ?
Oh boy ! બતાવો ક્યાં છે awesome babes !'

'આવ દીકરા આવ ! તમો દીર્ઘાયુષી થાવ !
તમારી મનોકામના ફળે !
મળે કોઈ ગૃહકાર્યમાં નિપુણ એવી
કામણવંતી કન્યામાં સહુ haves અને not haves'

'બતાવો ક્યાં છે awesome babes ?'
ઈન્ટરવ્યૂમાં ધોયેલા ને ધોકાવેલા જીન્સ ચડાવે મીંઢળ એ હાથે બંધાવવું

USAથી ટૂંક સમયને માટે આવવું
Green card ને travellers ચેકોનું લાવવું

પંજાબી પહેરી બેઠેલી સૌભાગ્યવાંછિત ગુજરાતી કન્યાને
અંગ્રેજી question,
‘Don't you now know how to shop
a pair of jeans ?’

‘Enough નથી આ LLB કે
ભરતગૂંથણ ને બ્યુટીશિયનના કલાસ ?
Even though I don't know how to shop a Jeans,
કમ્પ્યુટર જાણું છું ને હું બાફી શકતી કાબુલી કે લાયમા બીન્સ’

‘કાબુલી કે લાયમા બીન્સ ?
Blue Jeans is the way to go,
કેમ તને સમજાવવું !’

USAથી ટૂંક સમયને માટે આવવું
Green card ને travellers ચેકોનું લાવવું

આજકાલ જે બજારમાં આવે છે તે છે stonewashed artificially
માણસ જેવા
સિવાણા હો ભલે ક્યાંક સોજીત્રામાં પણ જીન લેવા તો Made-in-USAના
લેવાં મારા જેવાં

મટીરિયલ ડહાપણનું હો ને શેઈડ શરમના આછા બ્લૂ
ઉપરથી વિવેક અને વિનયના ડબ્બલ દોરાનું સ્ટિચીંગ
જીન્સ પછી શ્રીમાળી હો કે ભાનુશાળી
ટચ કરીને ટ્રાયલ લેવી, ફીલ કરી કરવું શોપિંગ

બ્લૂ જીન્સના બુટીકના પણ પ્રોટોકૉલ તો સ્વયંવરના જેવા
જીન લેવાં તો Made-in-USAનાં લેવાં, મારા જેવાં

જ્યાં જ્યાં સમજણ પડે તમારે 'Ya, Ya, Ok!' કહીને માથું ધુણાવવું

USAથી ટૂંક સમયને માટે આવવું
Green card ને travellers ચેકોનું લાવવું

પહેલી નજરે ગમી જાય ને irresistible લાગે
તો જીનની સાથે લેતાં આવવું
સાત સોપારી, કંકુચોખા, નાળિયેર, શેમ્પેન, કેક

પહેરે કમ્ફર્ટેબલ લાગે તો રાખી લેવાના,
જીન્સ જેમ ફોરએવર
એમ તને રાખી લેવાની
ગૃહસ્થાશ્રમ ભોગવવાની લઉં છું ટેક
આ લે ! સાત સોપારી, કંકુચોખા, નાળિયેર, શેમ્પેન, કેક

ભૂલોક, ભુવર્લોક, સ્વર્લોક, ન્યૂયૉર્ક !
સર્વલોકનું સુખ તને પધરાવવું

USAથી ટૂંક સમયને માટે આવવું
Green card ને travellers ચેકોનું લાવવું

જાવ દીકરી જાવ !
જમાઈના કાઉબૉય જેવા જીન્સ તમોને
કાઉગર્લ જેવી ફીલીંગ આપે
બધાં તમારાં સપનાંઓને, સેન્ટિમેન્ટ્સને
પંપાળીને તાજાંમાજાં રાખે
જીન્સ પહેરતી વહુ જોવાને USAનાં સાસરિયાં થનગને

જાવ દીકરી જાવ !
જીન્સ તમારાં સુખના દુઃખના મૂંગા સાક્ષી બને !

Thank God કે મળી ગયો છે,
ડૉલર જેવો જીવનસાથી તને

જાવ દીકરી જાવ !
જીન્સ તમારાં સુખનાં, દુઃખનાં, મૂંગા સાક્ષી બને

USAમાં પરણાવેલી દીકરીઓને કરિયાવરમાં સગ્ગા બાપે
અઢી વરસના પતિવિરહનું દુઃખ બંધાવવું

USAથી ટૂંક સમયને માટે આવવું
Green card ને travellers ચેકોનું લાવવું

પ્હેર્યાં પહેલાં જીન્સ ઉપરથી પિયરિયાંનાં
બધ્ધાં લેબલ કાઢી, ફેંકી, દેવાં, નાખી

નવા ઘરે તો નવી દીવાલો
નવા અરીસા નવા કબાટો
ક્લૉઝેટોમાં જીન્સ ટાંગવા હેંગરો પણ નવાં
બાળપણાનાં જૂનાં બારી-બારણાં-ઉંબર અહિયાં ક્યાંથી ?
પ્હેર્યાં પહેલાં જીન્સ ઉપરથી
પિયરિયાંનાં બધ્ધાં લેબલ મૂકી આવવાં
કુળદેવીની પાસે રાખી

ફર્સ્ટ ટાઇમ ઍવર જીન્સ પહેરતાં સૌથી પહેલાં
જમણા પગનો અંગૂઠો
તુર્ત જ મસ્તક ગણેશાયને ૐ નમાવવું

USAથી ટૂંક સમયને માટે આવવું
Green card ને travellers ચેકોનું લાવવું

## નવ્વાંનક્કોર જીન્સ

USA આવ્યાની પ્હેલી રાતે જ મેં તો જીન્સ નવાં પ્હેર્યાં
કાળો અજવાસ અને ડેનિમ અંધારુ
મેં અંધારાદેવને ઉજાગરા વધેર્યા

આવીને કીધાં મેં કુંવારા વર્ષો અનપૅક
પછી પરણ્યાને દેખાડ્યા વિરહના ફોટા
ખાલી બેગોને મેં ઍટીકમાં ગોઠવી ત્યાં હું પણ થઈ ખાલી
ખાલીખમ્મ દેહ ઉપર પરણ્યાનાં જીન્સ ટ્રાય કરતાં એ થયાં સ્હેજ મોટાં
પછી પરણ્યાને દેખાડ્યા વિરહના ફોટા

પરણ્યાનો છાંયો, ઉજાગરાની ઓથ
મેં તો ફાટફાટ છાતીમાં સપનાં ઉછેર્યાં
મેં અંધારાદેવને ઉજાગરા વધેર્યા

જીન્સ પ્હેર્યાંના સુખે, ઉજાગરાની કૂખે હું એવી તો મ્હોરી
કે મારામાં ફોલીએજ પીક
ઘરમાં બે માણસનો મહેરામણ ઊમટ્યો ને ન્યૂયૉર્કની શેરીમાં તરણેતર મેળો
ખાલીપો ટોટલ સાસરિયાંનો એવો તો સાલે
એમાં જો પિયરિયું સાંભરે તો લાગું હું મને હોમસીક
કે મારામાં ફોલીએજ પીક

સો ટકા સૌભાગ્ય, એકસોને પાંચ સહવાસ, ઉપરથી એણે તો લાડકોડ
લાખ્ખો ઉમેર્યાં
મેં અંધારાદેવને ઉજાગરા વધેર્યા

જીન્સ નવાં, દેશ નવો, પરણ્યો પણ નવ્વોનક્કોર
જાણે ટીનએજર હોઉં એમ થાય મને મૂંઝારા મીઠા
સાથે ધોવાણાં ને સાથે પ્હેરાણાં તે બન્નેનાં જીન્સ સ્હેજ shrink થયાં
અને થયાં comfortable
જીન્સ પ્હેરી હું એમ્પાયર સ્ટેટ ઉપર ઊભી
ઉપરથી દૂરબીનમાં આખા USAનાં જીન્સ મેં તો દીઠાં
ટીનએજર હોઉં એમ થાય મને મૂંઝારા મીઠા

હું લૂંબઝૂંબ રાણી એ ડૉલરિયો રાજ્જા
મેં એના પર ઢગલાબંધ સ્પર્શો ખંખેર્યા
મેં અંધારાદેવને ઉજાગરા વધેર્યા

USA આવ્યાની પ્હેલી રાતે જ મેં તો જીન્સ નવાં પ્હેર્યાં
કાળો અજવાસ અને ડેનિમ અંધારુ
મેં અંધારાદેવને ઉજાગરા વધેર્યા

## બાને કાગળ

તેં જ અપાવેલ જીન પ્હેરીને બેઠી છું બહુ વખતે કાગળ લખવા
આછાં બ્લૂ ડેનિમ અને સેફાયર બ્લૂ છે શાહી
વચ્ચે સફેદ કોરો કાગળ
કાગળિયાનો ટેકો લઈને બેઠી છું બહુ વખતે દળદર લખવા

અમે મજામાં છીએ
કેમ છે તું ?
લખવા ખાતર લખી રહી છું
પૂછવા ખાતર પૂછું છું હું

લખવાનું બસ એ જ

આટલાં વરસે મેલાં થઈ થઈ
જીન્સ આ મારાં બની ગયાં છે મેલખાઉ તો એવાં
કે ધોવાનું મન થતું નથી
જીન ધોવાને અહિયાં તો બા નથી નદીનું ખળખળ વહેતું છૂટું પાણી
સખી સાહેલી કોઈ નથી
નથી નજીક કોઈ ખેતર, કૂવા, કાબર, કોયલ
નથી નજીકમાં ધોળા બગલા

ધોળું વૉશર, ધોળું ડ્રાયર,
બ્લૂ જીન ધોવા ધોળા વૉશિંગ પાવડર
ઘડી ઘડીમાં static થાતાં જીનને માટે
Anti-static ધોળાં fabric softner

લીલાં વૃક્ષો લાગે ધોળાં
ધોળું બ્લૂ આકાશ
સાત રંગનું મેઘધનુષ પણ ધોળું લાગે
ધોળું કાજળ  ધોળો સુરમો
ધોળું કંકુ  ધોળા લાગે ધોળા ચોખા
ધોળો, ધોળો, સાવ સફેદ ધોળો ગુલાલ

ધોળાઓના દેશ મહીં આ કેવાં કાળાં ભાગ્ય
કરમની કઠણાયુંને હું ધોળે દિવસે ખાંડ્યા કરતી બેઠી છું અહીં
બેઠી છું, બહુ વખતે વિહ્વળ લખવા

આછાં બ્લૂ ડેનિમ અને સેફાયર બ્લૂ છે શાહી
વચ્ચે બહુ ધોળો નહિ એવો, આગળ વધી રહેલો કાગળ
કાગળિયાનો ટેકો લઈને બેઠી છું બહુ વખતે અટકળ લખવા

કાગળમાં હું ફરી ફરીને એજ લખું છું બા

ધોયેલાં જીન સૂકવવા નથી અહીં કોઈ આંબાવાડી
તડકા પણ અહીંના છે sterilized
હવા અહીંની EPA controlled
Sprinklerના પાણીથી ઊગે થોડું થોડું લીલું લીલું ઘાસ
ઘાસ અહીંનું સૌનું નોખું, નોખું પાણી, નોખા તડકા

જીન્સ અહીં તો બોલચાલનાં નોખાં
નોખાં હળવાનાં મળવાનાં નોખાં રીતભાતનાં
એકબીજાને ગમવાનાં પણ નોખાં
નોખાં TV, નોખાં remote
નોખી party, નોખા vote
નોખી ગાડી, નોખા ફોન
નોખાં નામો, જશવંત જ્હોન
એક જ છતની નીચે સહુનાં નોખાં નોખાં ઘર
નોખી નોખી વહુઓના છે નોખા નોખા વર

મારા ઘરમાં મારાથી હું નોખી થઈને બેઠી છું મારાથી થોડે દૂર
દૂર દૂર થઈ બેઠી છું બહુ વખતે સાંધણ લખવા

આછાં બ્લૂ ડેનિમ અને સેફાયર બ્લૂ છે શાહી
વચ્ચે લખવા ધારેલ ટૂંકો પણ લાંબો થઈ ગયેલો કાગળ
કાગળિયાનો ટેકો લઈને બેઠી છું બહુ વખતે સાંધણ લખવા

કાગળને ઊંધો કરતાં બીજી બાજુ પણ એજ લખું છું બા

સ્હેજ સુકાયલ જીનને પૂરાં સૂકવવાને
ઊંધા કરતાં almost આ life થઈ ગઈ ઊંધી

ઊંધા રસ્તા, ઊંધી ગાડી
ઊંધા માણસ, ઊંધી લાડી
ઊંધી વાતો કરતાં કરતાં, રોજ વિતાવું ઊંધી રાતો
ઊંધા નળમાં રોજ રોજ હું ઊંધું પાણી સીંચું
ઊંધાઊંધા અંધારામાં, અજવાળાં કરવાની ઊંધી સ્વીચું

અ આ ઈ ઉ અહીંનું ઊંધું
ઊંધા ય, ર, ઊંધા લ, વ
ઊંધા સ ની સાથે સીધી
બેઠી છું હું સૂમસામ થઈ
બેઠી છું બહુ વખતે 'સાજણ' લખવા

આછાં બ્લૂ ડેનિમ, અને સેફાયાર બ્લૂ છે શાહી
વચ્ચે પૂરેપૂરો અને આમ અધૂરો કાગળ
કાગળિયાનો ટેકો લઈને બેઠી છું બહુ વખતે 'સાજણ' લખવા

છેલ્લે છેલ્લે લખવાનું કે

ઘડી ઘડી ધોવતાં આ
જીનની ચારે કોર દ્વિધાના
અકળામણના સળ પડ્યા છે ઊંડા

સળ પડ્યા છે જીનની ઊપર
USAમાં યેનકેન settle થવાના
Settle થાવાની શરતોના
શરતોને આધીન થવાના
આધીન થઈ adjust થવાના
Medicalને વશ થવાના
Social securityને પરવશ થવાના

USAમાં વડોદરાને વશ થઈને બેઠી છું હું
બેઠી છું બહુ વખતે વળગણ લખવા

આછાં બ્લૂ ડેનિમ અને સેફાયર બ્લૂ છે શાહી
વચ્ચે પૂરો લખેલ કોરો કાગળ
કાગળિયાનો ટેકો લઈને બેઠી છું બહુ વખતે દળદર લખવા

## જીન્સ સ્તુતિ

ખમ્મા ખમ્મા રે ભાઈ ઘણી ખમ્મા
    જીન્સ અમારાંને ઝાઝી ખમ્મા
જીન્સને પામે જે નર નાર
    એનાં જીવતર ધમ્મા ધમ્મા

જીન્સ નોધારાંના એવા આધાર
    એક જ pair ઉતારે ભવપાર
નિર્ધનિયાનું સાચું નાણું
    મેટાફિઝિક્સની ઊંડી ખાણ્યું

જીન્સથી દિવસ એનાથી રાત
    ઈન્ટલેક્ટની સુડો રળિયાત
જીન્સમાં રાચે નાગાંપૂગાં
    એવા જીવને નમ્મા નમ્મા

અખિલ બ્રહ્માંડમાં તત્ત્વો છે ટ્વિન્સ
    એક શ્રી હરિ ને બીજાં બ્લૂ જીન્સ
જૂજવે રૂપ અનંત ભાસે
    જીન્સ અંતે શ્રીહરિ થૈ જાશે

કેમિસ્ટ્રી એની કંચનકથીર
    મરઘાંનેણી માણે શૂરવીર
ચંદ્રકાન્ત ગિરધારીને છોડ
    જીન્સ ભજે એને રુમ્મા ઝુમ્મા

## Hindu vegetarian special meal

પરણ્યાનાં પાંચેક વરસમાં પહેલીવહેલી વાર વહુજી India આવ્યાં
સાડી પરથી સ્કર્ટબ્લાઉઝ ને બ્લૂ જીન્સ ઉપર છેક હવે t-shirt ચડાવ્યાં

એક વખતનાં relaxed રસ્તા મકાન માણસો, baggy બાગબગીચા
comfort-fit આખું family, classic-fit generation
ઓચિંતાનું બધું લાગતું narrow, ટાઇટમ્ ટાઇટ
અને totally out of fashion

શૉફર ડ્રિવન કાર, જીન્સ ટી-શર્ટ ઉપર સનગ્લાસિસ
કૅમકોર્ડરની સાક્ષીએ કુળદેવીને નૈવેદ્ય ચડાવ્યાં
પરણ્યાનાં પાંચેક વરસમાં પહેલીવહેલી વાર વહુજી India આવ્યાં

કૉર્ડલેસ ફીલીંગ્સ સહુને માટે
ખુદને માટે ઈમ્પોટેર્ડ confusion લાવ્યાં
બૉટલ્ડ વૉટર પી પીને
આ દેશી પાણી, દેશી તડકા, દેશી ભાષા ફોરેન લાગ્યાં

એ પાણીની મરચાંભૂકી, એ તડકાના પાપડ
ફેમિલીનો વીડિયો લીધો, પાડોશીના ફોટા
પંજાબી ને સાડી સાથે ethnic આભૂષણમાં
ઘરનાં સંસ્મરણ બે-ચાર જડાવ્યાં

પરણ્યાનાં પાંચેક વરસમાં પહેલીવહેલી વાર વહુજી India આવ્યાં

Body ત્યાં USAનું પણ soul હજી India નું
Close friend પૂછે છે વહુને, સુખ ગમે છે ક્યાંનું ?

ઘરમાંથી check-out કરીને air-port પર check-in કરતાં
ભીની આંખે વહુ પોતાને હીબકે હીબકે પૂછે, USAમાં પરણી કેટલું ફાવ્યાં ?

પરણ્યાનાં પાંચેક વરસમાં પહેલીવહેલી વાર વહુજી India આવ્યાં
સાડી પરથી સ્કર્ટબ્લાઉઝ ને બ્લૂ જીન્સ ઉપર છેક હવે t-shirt ચડાવ્યાં

## જીન્સ એક એવું પણ જોયું મેં બ્લૂ

જીન્સ એક એવું પણ જોયું મેં બ્લૂ

જોવામાં બ્લૂ તો શું વ્હાઈટે ન લાગે કે ન લાગે બ્લૅક
ઉપરથી એમ થાય અરર! આ જીન્સને એવું તે થયું વળી શું?
જીન્સ એક એવું પણ જોયું મેં બ્લૂ

ફેઈડ તો થવાય ! ફાટી પણ જવાય !
અરે ! એમાં શું ખોટું દુઃખ !

વડને જેમ ઊગે વડવાયું
ને માણસને ફૂટે જેમ મોં પર કરચલિયું
ઓવર ધ ટાઈમ, એમ પથ્થર પણ ફેઈડ થાય
તૈડ પડે, ફાટી જાય
પડી પડી અમથી પણ ફૂટી જાય માટલિયું

અંધારું અજવાળું દીવો ને દ્રષ્ટિ પણ ફડફડફડ થાય
અરે, ઓલવાઈ જવું એ તો છે જ મહાસુખ
ફેઈડ તો થવાય ! ફાટી પણ જવાય !
અરે ! એમાં શું મોટું દુઃખ !

ઓચિંતા જીન્સપણું ખોયાનું ન મળે કારણ કે નહિ કોઈ કલૂ
જીન્સ એક એવું પણ જોયું મેં બ્લૂ

જીન્સ એક એવું પણ જોયું મેં બ્લૂ

જોવામાં ડેનિમ તો શું ગુણપાટે ન લાગે કે ન લાગે માદરપાટ
વધારામાં ફોટાની જેમ ફ્રેમ વચ્ચે, ને ભીંતે, ફૂલોની, ધૂપની, સળીની ખુશ્બૂ
જીન્સ એક એવું પણ જોયું મેં બ્લૂ

બ્લૅક જીન્સ થયાં હોત તો પણ આ હાલ થાત
અરે ! જન્મ્યાનો મરતાં પસ્તાવો !

શેમ્પેઇન જો થાત તો ધડાકો એક છાતી સોંસરવો ને સ્હેજ ધસમસ
લિપસ્ટિક થયાં હોત તો એક હોઠ ઉપરથી બીજે ને બસ
થાવું થવાત તો તો માણસ થઈ ગયાં હોત
વા અને વારિ કાં વહ્નિ કાં વ્યોમ અને વસુધાનો એકાદો અંશ
થનારાં તો અવિનાશી અક્ષર કાં અજન્મા ઈશ્વર પણ થાત

સ્હેજમાં અલોપ થવું એ તો એક અવસર છે લૂંટી લ્યો લ્હાવો
બ્લૅક જીન્સ થયાં હોત તો પણ આ હાલ થાત
અરે ! જન્મ્યાનો મરતાં પસ્તાવો !

સરવાળે બૉડીના ભડકામાં, વાયુનો ગઠ્ઠો થઈ વળી જવું વીંટલું
જીન્સ એક એવું પણ જોયું મેં બ્લૂ

## જીન્સ ઑલ્ટરેશન

ખૂલી છે દુકાનો ખૂલ્યાં છે બજારો
કરી દેવા ઑલ્ટર બધું બધે બેઠા છે દરજી હજારો

લાવો તમારાં જે લાંબાં છે, ટૂંકાં છે પહોળાં છે જીન
બ્લૂ છતાં લાગે છે બ્રાઉન, કોઈક વ્હાઈટ કોઈક બ્લૅક સ્કિન
આવો ગરીબો ઓ ભૂખ્યા બેકારો
તવંગર ને સાહેબો ઓ શાહુકારો
કરી દેવા ઑલ્ટર બધું બધે બેઠા છે દરજી હજારો

દરજીઓ દેખાવે કાકા છે મામા છે આડોશી પાડોશી
જન્મ્યાથી ઑલ્ટર કરે જીવને બની જાએ જ્યાં સુધી ડોસા કે ડોસી
ભારતમાં ગાંધી તો પરદેશે ઈસુ
કરી દેતાં ઑલ્ટર લંબાઈ કે ઝિપ્પર કે inseam કે ખીસું

નાતજાતભાષાને કરી આપે ધર્મોને ધંધાને કરો જો ઈશારો
કરી દેવા ઑલ્ટર બધું બધે બેઠા છે દરજી હજારો

છે માસ્તર પણ દરજી ને દરજી છે દેવો
ઑલ્ટર કર્યા વિના છોડે ના કોઈને
દુનિયામાં નથી કોઈ ઈશ્વર પણ એવો
બજારોમાં ચારે કોર આવો આવોનો દેકારો
કરી દેવા ઑલ્ટર બધું બધે બેઠા છે દરજી હજારો

Physics politics aesthetics medicine mumbai
Olympics Internet NY Times IBM E-Com
Audiometrician, Beautician, linguistician
Nationhood, Parenthood, Sainthood, Selfhood
Technocracy, Pornocracy, Snobocracy
Dancedom filmdom, fandom, dolldum
Acrobatics, biomathematics Atmospherics, Avionics
Zillions Gazillions ના હિસાબે બેઠા છે ઑલ્ટરના એક્સપર્ટો યારો

## ક્યાંક મુકાઈ ગયેલ જીન્સનું ગીત

શિરાઓમાં સસલું સાલું શિયાંવિયાં કૈં શિયાંવિયાં !
સસલા સાથે શ્વેતકણો પણ ઘુમરા ખાતા, ત્યાંથી અહિયાં, અહીંથી ત્યાં !

Oh ! No !

જીન્સ ક્યાંક મુકાઈ ગયાની જાણ થતી જેમ જીવને એકાએક
ઠેક મારતું સસલું પેસે એમ લોહીમાં અને પછીથી ઠેકાઠેક

જીન્સ નહિ તો –
જોબન નહિ
સંજોગન નહિ
ઉપભોગન નહિ
નહિ કદાપી જાઝબાઝના જલસા
જાપ જગન નહિ
હોમ હવન નહિ
મોહ મગન નહિ
ઉકલાશે નહિ જનમ જનમની ભાષા

એક જનમથી બીજે જન્મે જીન્સ ઉપાડી ફરવાનો રઘવાટ
તે એમાં રોજ ક્યાંક મુકાઈ જતાં
જીન્સ શોધવા કેટકેટલીવાર અને તે ક્યાંક્યાં, ક્યાંક્યાં, ક્યાંક્યાં, ક્યાંક્યાં ?

સસલા સાથે શ્વેતકણો પણ ઘુમરા ખાતા ત્યાંથી અહિયાં, અહીંથી ત્યાં !
શિરાઓમાં સસલું સાલું શિયાંવિયાં કૈં શિયાંવિયાં !

Wait !

છેલ્લે ક્યાં પહેર્યાં'તાં એનો ભાસ થતાંમાં જીન્સ શોધવા સસલું થંભે
બધા પ્રસંગો વાળીચોળી, ઘટનાઓને ઓળીઘોળી નાખે ખંભે

જીનને કારણ –
 ઑમથી માંડી
 જીવનને ખાંડી
 કરમને કાંડી
જ્યાં જ્યાં જીવની રમતું માંડી
 કોઈની વાડી
 ઘરની ગાડી
 દીવાદાંડી
જીન્સ હતાં તો હતી આપણી દુનિયા ગાંડી

જડી જાય તો આજ લગી જ્યાં પ્હેર્યાં'તાં એ બધા પ્રસંગો
વર્ચ્યુઅલ્લી વીંટી લઉં, હું સ્પર્શી લઉં
અક્કલ બુઠ્ઠું સસલું ને ઇડિયટ જેવાં જીન્સ
ખરે ટાંકણે મળે નહિ ને નહિતર અમથાં અટવાતાં એ
જ્યાંજ્યાં, જ્યાંજ્યાં, નજર પડે ત્યાં

સસલા સાથે શ્વેતકણો પણ ઘુમરા ખાતા, ત્યાંથી અહિયાં, અહીંથી ત્યાં
શિરાઓમાં સસલું સાલું શિયાંવિયાં કૈં શિયાંવિયાં !

Now what ?

જીન્સ નહિ શોધી શકવાનું ટેન્શન કરતું સસલાના પુરુષાતનને પડકાર !
ડિપ્રેશન ને સ્કિત્ઝોફ્રેનિયા વચ્ચે ઝોલાં ખાતું સસલું બની જતું ખૂંખાર

શા માટે આ –
    જીનની ઝંઝટ ?
    શું એની ઉપરવટ ?
    બધ્ધું ફોગટ ?
જીન્સ એટલે આદિથી તે અંત સુધીની રમઝટ ?
    કટ ! કટ ! કટ !
    અરે હટ !
    No if, no but !

મળે કેમ નહિ ?
મારી નાખું, વાઢી નાખું, ધ્યો ધ્યો ને દેકારામાં ખુમારવંતું ખાબકતું
ન જ મળે તો શું ફરક
આ જીન વૈનાનું ધડ ક્યાં ને આ માથું ક્યાં ?

સસલા સાથે શ્વેતકણો પણ ઘુમરા ખાતા ત્યાંથી અહિયાં, અહીંથી ત્યાં
શિરાઓમાં સસલું સાલું શિયાંવિયાં કૈં શિયાંવિયાં !

Found it !

જીન્સ વિયોગી સસલું જ્યાં જ્યાં દેખે બધું જીન્સ જ જીન્સ દેખાય
જીન્સ હશે તો ભર્યાભાદર્યાં લોક હશે ને હશે જીન્સની લોકકથાઓ
લોકકથામાં પોતાનો ઉલ્લેખ થશે એમ માની ગધનું
ધમનીઓમાં ધમપછાડા કરે અને ગડથોલાંઓ પણ ખાય

જીન્સ હતાં તો –
        હતાં સંવનન
        હતું પુંસવન
        નામકરણ પણ હતું
        હતું નિષ્ક્રમણ
હોવું, વધવું, વિસ્તરવું ને વિપરિણમવું હતું
હતાં પંચાંગ વડે પણ યોગ, તિથિ, ને કરણ
        પંચપ્રાણ
        ષડ્‌ભાવ હતાં
        ને હતાં સાત પાતાળ
ત્રિભુવનમાં ત્રણ કાળ હતા ને ચૌદ લોકમાં ચાર વરણ

પંચમહાભૂતમાંથી જીનનું સમીકરણ પણ મળી જાય તો
જય બોલાવું જિનેન્દ્રની ! જીનશાસનના દેવોની
સાત સોપારી આપું, આપું સવ્વા રૂપિયો, સસલું પણ હું આપું
જીન્સ શોધવા નીકળતાં જો સામે આવે કોઈ કુંવારી કન્યા

સસલા સાથે શ્વેતકણો પણ ઘુમરા ખાતા ત્યાંથી અહિયાં, અહીંથી ત્યાં
શિરાઓમાં સસલું સાલું શિયાંવિયાં કૈં શિયાંવિયાં !

What the **** !

જીનની જીદે ચડી રહેલા બ્લૂ જીવને ધીમે ધીમે ચડતો જીનનો કેફ
અજાણતાં માંડેલી જીનની ચોપાટુંમાં નહિ કશું કંઈ simple, sound & safe

જીન્સ ! જીન્સ ! જીન્સ !
What the **** is Jeans ?
Go for all the sins
by all means

જીન્સ કેટલાં Theatrical ?
Physical ?
Spiritual ?
Mechanical ?

ઉપરછલ્લી રીતે જીન્સ સહુનાં સહુને ફિટોફિટ જણાતાં
તેમ છતાં દુનિયામાં કાયમ તાકાઓના તાકા લેખે કડકડતા ડેનિમ વણાતા
અંતે તો સહુ જીનધારીને પડતા જીનના સાંસા

સસલા સાથે શ્વેતકણો પણ ઘુમરા ખાતા ત્યાંથી અહિયાં, અહીંથી ત્યાં !
શિરાઓમાં સસલું સાલું શિયાંવિયાં કેં શિયાંવિયાં !

Forget it !

મરવા દો ભૈ, જીન્સબિન્સ ને
ભલે રહ્યો આ સસલાનો સંતાપ

અટકળ વચ્ચે ભલે અટકતું સાલું
ગમે તેમ તો રક્તવાહિની વચ્ચે વહેતું સસલું ગધનું કૈંક આપણું પોતાનું
તે કાયમ રહેતું નજર સમક્ષ ને સાવ આપણી પાસે અહિયાં

સસલા સાથે શ્વેતકણો પણ ઘુમરા ખાતા ત્યાંથી અહિયાં, અહીંથી ત્યાં !
શિરાઓમાં સસલું સાલું શિયાંવિયાં કૈં શિયાંવિયાં !

## ચંદ્રકાંત એટલે કવિતા અને રંગભૂમિની મુગ્ધતા

ફાટ-ફાટ થતી જુવાનજોધ સંવેદનાને પ્રલંબલયમાં રજૂ કરવાની ચંદ્રકાંતને કેટલી ફાવટ છે એ તો એના અગાઉના કાવ્યસંગ્રહ 'અને થોડાં સપનાં' અથવા આ કાવ્યસંગ્રહનું કોઈ પણ પૃષ્ઠ જોતાં જ અનુભવાય. 'અને થોડાં સપનાં'ને ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા 'ભાનુપ્રસાદ પંડ્યા પારિતોષિક' એનાયત થયું છે.

કોઈ એમ પૂછે કે ચંદ્રકાંત શાહનું ગુજરાતી રંગભૂમિ પર પ્રદાન કેટલું તો એનો ઉત્તર એટલો જ હોય કે જ્યારે સમકાલીન ગુજરાતી રંગભૂમિને સોળ વરસનાં થવાનું મન થયું ત્યારે એણે ચંદ્રકાંતની કલમ પાસે જવું પડ્યું છે.

દુર્ભાગ્યે ગુજરાતી રંગભૂમિને યુવાન થવાના અભરખાં માત્ર બે વાર થયાં છે – એંસીના દાયકામાં 'ધ ફૅન્ટાસ્ટિક્સ'ની 'ખેલૈયા' અને 'ધ વેસ્ટ-સાઇડ સ્ટોરી'ની 'એવા મુંબઈમાં ચાલ જઇએ' તરીકે રજૂઆત કરીને. આ બન્ને ભજવણીઓમાં એક જ પરિબળ સમાન હતું : ચંદ્રકાંતનું ગુજરાતીકરણ. આ બન્ને નાટકોએ ગુજરાતી રંગભૂમિ જેને ઝંખે છે એવા મ્યૂઝિકલ-અભાવનું મહેણું ભાંગ્યું છે.

આ ઉપરાંત જૂની રંગભૂમિને વિષય તરીકે લઈ ચંદ્રકાંત રચિત ગુજરાતી મ્યૂઝિકલ 'માસ્ટર ફૂલમણિ' ૧૯૯૯ના મુંબઈના પૃથ્વી થિએટર ફેસ્ટિવલમાં પ્રિમીઅર થયું હતું.

અમેરિકા સ્થાયી થયા પછી અમેરિકન ગુજ્જુઓને સંગઠિત કરી, યથામતિ યથાશક્તિ ગુજરાતી સાહિત્ય અને ગુજરાતી રંગભૂમિને અમેરિકાની ધરતી પર પ્રવૃત્ત કરવામાં ચંદ્રકાંત વ્યસ્ત રહે છે.

કવિ અને નાટ્યલેખક તરીકે જાણીતા અને માનીતા ચંદ્રકાંતનો અભિનેતા તરીકે અર્વાચીનમાં આદ્ય એવા 'નર્મદ'ની ભૂમિકામાં પરિચય મળી ચૂક્યો છે. ન્યૂયૉર્કના પ્રખ્યાત 'લિંકન સેન્ટર ફૉર પર્ફોર્મિંગ આર્ટસ'ના ઉપક્રમે ચંદ્રકાંતે લખેલા મૌલિક અંગ્રેજી નાટક Mahatma.Gandhi.comના બે પ્રયોગો ભજવાયા હતા જેમાં ચંદ્રકાંતે ગાંધીજીની ભૂમિકા પણ ભજવી હતી.

**– ઉત્પલ ભાયાણી**



## આ પુસ્તકના કવર-પેપર વિશે...

**Denim Paper**

The paper of the millennium doesn't grow on trees'

We sincerely thank Mr. Stefan Watson of Watson Paper Company of New Mexico, USA for providing us the Denim paper for the cover of this Gujarati poetry collection.

Making five pairs of blue jeans produces one pound of scrap resulting in millions of pounds of waste Denim going to landfills every year. Watson Paper Company reclaims this scrap and makes Denim paper out of it. This recyled Denim Paper saves about 8,000 trees a year.

www.denim-paper.com

બૉસ્ટનથી ન્યૂયૉર્ક મારી હૉન્ડા અકૉર્ડ ગાડીમાં જતો હતો ત્યારે રેડિયો પર એક જાહેરખબર સાંભળી.

એનો સાર કંઈક આવો હતો :
'તમે તમારા જીન્સ મહિનાઓ સુધી પહેરી જ્યારે ધોવા નાખો ત્યારે એના ખીસાં જરૂર તપાસજો. એમાંથી તમને કદાચ એકાદ-બે ડૉલરની નોટ મળે – જેના વિશે તમે સાવ ભૂલી ગયા હો. આ થઈ તમારી બચત. એમ જ જ્યારે અમારી મોટેલમાં રહેવા આવો ત્યારે ફરી થશે તમારી બચત.'

Motel-6 નામની આ નૅશનલ ચેઇનની કમર્શિયલ સાંભળી ત્યારે શરૂ થયું પહેલવહેલું બ્લૂ જીન્સનું કાવ્ય : **ધોવા નાખેલ જીન્સનું ગીત.**

બૉસ્ટનથી ન્યૂર્યાક પહોંચ્યો ત્યાં સુધીમાં આખું ગીત અત્યારે જેમ છપાયું છે, એમ જ પૂરું થયું.

અહીંથી ત્યાંની આવનજાવનમાં લખાયેલાં કાવ્યોનો સંગ્રહ એટલે 'બ્લૂ જીન્સ'.

ચંદ્રકાંત શાહ